

₹ ૧૫/-

શ્રીકૃષ્ણ - શાશ્વત પુરુષોત્તમ

# પ્રભુ અર્પણ

નવેમ્બર - ૨૦૧૬

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

જે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશનું કારણ છે તથા જે ત્રણે પ્રકારોના તાપોનો નાશ કરવાવાળા છે, એવા સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન શ્રી કૃષ્ણને અમે વંદન કરીએ છીએ.

ભાગવત માહાત્મ્ય, અ. ૧, શ્લોક ૧

સ્વતંત્રતા અને આનંદને અહીં સ્થાપવા માટે શ્રીકૃષ્ણ પૃથ્વી પર આવ્યા હતા. માણસો, જેઓ પોતાની પ્રકૃતિ, લાગણીઓ તથા પોતાની ભૂલોના ગુલામ બની રહેલા છે તેમને એ સંદેશ આપવા આવ્યા હતા કે જો તેઓ પરમાત્મામાં આશ્રય લેશે તો સર્વ બંધનો અને પાપમાંથી તેઓને મુક્તિ મળશે.

શ્રી માતાજી

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

નવેમ્બર – ૨૦૧૬ વર્ષ : ૦૨ અંક : ૧૧

# અનુક્રમ


**શ્રી કૃષ્ણ – શાશ્વત પુરુષોત્તમ**

શાશ્વત પુરુષોત્તમ ૭

કૃષ્ણ – ઐતિહાસિક અસ્તિત્વ ૧૩

શ્રી કૃષ્ણ – યોગના દિવ્ય ગુરુ ૨૩

શ્રી અરવિન્દ અને શ્રી કૃષ્ણ ૨૯


*

**તંત્રી નોંધ :** ભૂતકાળ તેમ જ વર્તમાનકાળના બધા અવતારો તથા બધી આધ્યાત્મિક વ્યક્તિતાઓમાં શ્રીકૃષ્ણનું સ્થાન નિઃસંદેહ એકદમ વિશિષ્ટ છે. એક રીતે જોતાં શ્રીકૃષ્ણની જટિલ અને બહુવિધ વ્યક્તિતા એમના માનવીય અંશને માનવબુદ્ધિ સમજી ન શકે એવા રહસ્યમાં ફેરવી દે છે; તો બીજી રીતે જોતાં એમનું દિવ્યતાસભર પૂર્ણ સમૃદ્ધ સ્વરૂપ જે આત્માઓ ઈશ્વરના આશિક છે તેમને માટે સતત આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. શ્રીકૃષ્ણ — ઈશ્વર અને માનવી વચ્ચેનું પૂર્ણ મિલનસ્થાન, સર્જનનો કોયડો, છતાં જે સર્જનની બહાર ઊભા રહે છે; માનવતાનો લગભગ અસિદ્ધ આદર્શ અને છતાં માનવતાની એટલા તો નજીક અને માનવતા સાથે એટલો તો ઘરોબો ધરાવનાર — તે જાણે આપણા સ્વરૂપનું જ દ્રવ્ય અને સત્ત્વ હોય એવું લાગી રહ્યું છે. પ્રજ્ઞા અને પ્રેમ, બળ અને માધુર્ય, પૂરેપૂરી અનાસક્તિ અને આનંદનું વિરલ સંયોગીકરણ એવા શ્રીકૃષ્ણ પોતાની એકલ વ્યક્તિતામાં એવા સમન્વયનો સંક્ષિપ્ત સાર રજૂ કરે છે, જેની માનવજાતિ અભીપ્સા સેવતી હોય છે અને જેની માનવજાતિને તાતી જરૂર છે. એ છે અર્વાચીન તેમ જ પ્રાચીન, યુવા દેવ તેમ જ સૃષ્ટિનું મૂળ અને સ્રોત. મોહન અને અત્યાનંદ સભર એવા શ્રીકૃષ્ણનાં સ્વરૂપ તથા કાર્ય ઉપર આ નવેમ્બર માસમાં આપણે ચિંતન કરીએ, કારણ ૨૪ નવેમ્બર, ૧૯૨૬ના (સિદ્ધિ દિવસ) રોજ ભૂતકાળના શ્રીકૃષ્ણની વ્યક્તિતા શ્રી અરવિન્દના સ્વરૂપમાં ઓગળીને એકરૂપ થઈ ગઈ હતી. અને એ રીતે ગઈકાલના અવતારે ભવિષ્યમાં પોતાનું કાર્ય ચાલુ રાખવા અન્ય ભૌતિક દેહ સાથે બંધાઈ જવા માટે સહમતિ આપી હતી.



**શ્રીકૃષ્ણ એ પરમાત્માનું આનંદ સ્વરૂપ છે; તેઓને લઈને જ, તેઓની લીલા, આનંદ તથા તેમના માધુર્યને લઈને જ સકળ સૃષ્ટિનું સર્જન શકય બન્યું છે.**

**બ્રહ્મા છે અમરતા, વિષ્ણુ શાશ્વતી છે, શિવ છે અનંતતા. કૃષ્ણ છે પરમાત્મા – શાશ્વત, અનંત, અમર સ્વ-ધારણ, સ્વ-પ્રકટીકરણ અને સ્વ-આવિર્ભાવ, સ્વ-પ્રાપ્તિ.**

(CWSA 12: 208 - 209)

# આ યોગનો ઉચ્ચમાં ઉચ્ચ સાક્ષાત્કાર

પરંતુ આ યોગનો ઉચ્ચમાં ઉચ્ચ સાક્ષાત્કાર તો એ છે કે જ્યારે આખું જગત તમને એક અનંત દિવ્ય ચેતનાના આવિર્ભાવ રૂપે, તેની ક્રીડા કિંવા લીલા રૂપે દેખાવા લાગે. એ પરમ સાક્ષાત્કારમાં તમને આખું વિશ્વ એક વ્યક્તિત્વરહિત सद् आत्मन् રૂપે નહિ જણાય. એ વ્યક્તિત્વરહિત બ્રહ્મ તો આ આવિર્ભાવ પામેલા જગતનો પાયો છે એ જ્ઞાન તમારી પાસેથી લુપ્ત પણ નહિ થઈ જાય. પણ તમે વધુમાં જોશો કે **જગત પોતે જ શ્રીકૃષ્ણ રૂપ છે.** શ્રીકૃષ્ણ વ્યક્ત અને અવ્યક્ત એવા સર્વ જગત રૂપે છે, આ જગતના પાયામાં તે છે અને જગતથી પર પણ છે, अव्यक्तो व्यक्तात परः । આ  सद् आत्मन् ની પાછળ શૂન્યવાદી બૌદ્ધોને જેનો શૂન્ય રૂપે સાક્ષાત્કાર થયેલો તે असत् બ્રહ્મની નીરવતા રહેલી છે અને એ નીરવતાથી પર રહેલો છે परात्पर पुरुष (पुरूषो वरेण्य आदित्यवर्णस्तमसः परस्तात्) એ પરાત્પર પુરુષે પોતાના અંતઃસત્ત્વમાંથી આ સૃષ્ટિ ઘડી છે. એ સૃષ્ટિની અંદર તે વ્યાપ્ત થયેલો છે અને એ સૃષ્ટિને તે અનંત અને સાંત એવા ઈશ્વર તરીકે, શિવ અને નારાયણ તરીકે, લીલામય શ્રી કૃષ્ણ તરીકે ધારણ કરી રહ્યો છે. પોતાના  પ્રેમથી તે આપણ સર્વને તેના પ્રતિ આકર્ષી રહ્યો છે. એની પ્રભુત્વ શક્તિથી આપણ સર્વને તે પોતાની આજ્ઞાને વશ વર્તાવી રહ્યો છે અને આ અનેક રૂપોવાળા જગતમાં તે આનંદ, શક્તિ અને સૌન્દર્યની બનેલી પોતાની શાશ્વત લીલા રમી રહ્યો છે.

જગત્ એ પરાત્પર પુરુષના સત્, ચિત્ અને આનંદની માત્ર લીલા જ છે. એક દિવસ તમને એવો પણ સાક્ષાત્કાર થશે કે જડતત્ત્વ પોતે સ્થૂલ જડ પદાર્થ નથી. એ માત્ર કોઈ પદાર્થ નથી પણ ચેતનાનું એક રૂપ છે, ગુણ છે, ચેતનાના ગુણનું ઈન્દ્રિયો દ્વારા જોતાં નીપજતું એક પરિણામ છે. જડતત્ત્વમાં દેખાતી ઘનતા પોતે સંહતિ અને ધૃતિ નામના ગુણોનું માત્ર એક મિશ્રણ છે. એ ઘનતા બીજું કાંઈ નથી, સચેતન તત્ત્વની જ એ એક અવસ્થા છે. જડતત્ત્વ, પ્રાણ, મન અને મનથી પણ જે પર છે તે સર્વ શ્રી કૃષ્ણ છે, સચ્ચિદાનંદ રૂપે જગતમાં ક્રીડા કરી રહેલા અનંતગુણ બ્રહ્મ જ છે. આ સાક્ષાત્કાર જ્યારે આપણે પ્રાપ્ત કરીએ છીએ, એ સાક્ષાત્કારમાં જ્યારે આપણે સુદૃઢ રીતે અને કાયમને માટે ટકી શકીએ છીએ ત્યારે દુઃખ, પાપ, ભય, ભ્રમ, આંતર કલેશ, વ્યથા એ બધાં આપણી ચેતનામાંથી સદંતર ચાલ્યાં જાય છે.

(યોગ અને તેનાં લક્ષ્ય : ૧૪-૧૬)

# શ્રીકૃષ્ણ - શાશ્વત પુરુષોત્તમ

### શ્રીકૃષ્ણ સર્વની અંદર નિવાસ કરે છે

એકલા સજીવ પદાર્થોમાં જ નહિ પણ નિર્જીવ વસ્તુઓમાં પણ આપણે નારાયણનું દર્શન કરવું જોઈએ, શિવનો અનુભવ કરવો જોઈએ, શક્તિને આપણા બાહુમાં લેવી જોઈએ. જડતત્ત્વ વિશે આપણી આજે જે માન્યતા છે તેથી આપણાં ચક્ષુ અંધ જેવાં બની ગયાં છે. એ જ્યારે પરમ જ્ઞાનજ્યોતિ પ્રત્યે ખુલ્લાં બનશે ત્યારે આપણે જોઈશું કે કોઈ પણ વસ્તુ નિર્જીવ નથી. સર્વ પદાર્થોમાં ચેતનાની એક તિરોભૂત સ્થિતિ કે જેને આપણે अन्नम् કિંવા જડતત્ત્વ કહીએ છીએ તે આવી રહેલી છે. એટલું જ નહિ, પણ એ સર્વમાં પ્રાણ, મનસ્, વિજ્ઞાન, આનંદ, ચિત્ અને સત્ પણ રહેલાં છે, પછી તે ભલે વ્યક્ત રૂપે હો વા અવ્યક્ત રૂપે, તિરોભૂત રૂપે હો વા આવિર્ભૂત રૂપે, ગુપ્ત રૂપે હો, પ્રકટ રૂપે હો અથવા તો પ્રકટ થવાની ક્રિયામાં હો. સર્વ પદાર્થોમાં પરમાત્માની ચેતના પૂરેપૂરા જાગૃત રૂપે જાણે ધ્યાનમગ્ન બની બેઠેલી છે અને પોતાના ગુણોનો આનંદ માણી રહી છે. ફૂલો, ફળો,પૃથ્વી, વૃક્ષો, ધાતુઓ, એમ સર્વ વસ્તુઓ પાસે તેમનો પોતાનો એક આનંદ રહેલો છે એ જ્ઞાન તમને સાધનામાં થશે. કારણ કે વસ્તુમાત્રમાં શ્રીકૃષ્ણ તેમનામાં પ્રવેશ કરીને - प्रविश्य, નિવાસ કરી રહ્યા છે. પરંતુ પ્રભુનો એ પ્રવેશ સ્થૂલ કે બાહ્ય રીતનો નથી. કારણ કે જેને સ્થૂલ કે બાહ્ય કહીએ એવી કોઈ વસ્તુ જ અસ્તિત્વમાં નથી. જેને આપણે સ્થળ અને કાળ તરીકે ઓળખીએ છીએ તે પ્રભુની આ વિશ્વસર્જનની કળામાં દૃષ્ટિગોચર થતી વિષયોની ગોઠવણી છે, વસ્તુઓને જોવા સમજવા માટેની એક રૂઢ બનેલી પદ્ધતિ છે. પ્રભુ પદાર્થોમાં જે પ્રવેશ કરે છે તે ચિત્ દ્વારા કરે છે, તેના વિશ્વાતીત સ્વરૂપમાં રહેલા દિવ્ય જ્ઞાન દ્વારા કરે છે.

(યોગ અને તેનાં લક્ષ્ય : ૧૭-૧૮)

### શ્રીકૃષ્ણની વિશ્વ-લીલા

પ્રભુ એક છે પરંતુ તે પોતાના એકત્વથી કંઈ બંધાયેલો નથી. આપણે જોઈએ છીએ કે એ એકસ્વરૂપી ઈશ્વર અહીં અનેક રૂપે હંમેશાં પોતાનો આવિર્ભાવ રચી રહ્યો છે. એ અનેક રૂપ બને છે તે પોતે લાચાર થઈને નહિ, પણ એમ થવાનો તેણે પોતે જ સંકલ્પ કર્યો છે. વિશ્વના આવિર્ભાવથી બહાર જઈને તમે તેને સમજવા જશો તો ત્યાં તો તે અનિર્દેશ્ય છે, ત્યાં એની વ્યાખ્યા થઈ શકે તેમ નથી. એ એક છે કે અનેક એમ બેમાંથી એક રીતે તેનું વર્ણન આપી શકાય તેમ નથી. ઉપનિષદો અને બીજા ધર્મગ્રંથો આ જ વસ્તુ હંમેશાં એકી અવાજે કહી રહ્યાં છે. પ્રભુ एकमेवाद्वितीयम् છે, એકલો પોતે જ છે, તેના વિના અન્ય કોઈ નથી. પણ તે એક છે એટલા માટે જ તે 'આ પુરુષ, પેલી સ્ત્રી, પેલું નીલપંખી, આ રક્તનેત્ર' પણ છે.

તે સાન્ત છે, તે અનન્ત છે, તે જીવ છે. ગીતામાં શ્રી કૃષ્ણ કહે છે, 'હું અશ્વત્થ વૃક્ષ છું, હું મૃત્યુ છું, હું વૈશ્વાનર અગ્નિ છું, હું અન્નને પચાવનાર ગરમી છું, હું વ્યાસ છું, હું વાસુદેવ છું, હું અર્જુન છું.' આ તમામ સૃષ્ટિ પ્રભુના ચૈતન્યની તેના અનંત સ્વરૂપમાં થઈ રહેલી લીલા છે, તેના આવિર્ભાવો છે, અને માટે તે બધા જ સાચા છે. બ્રહ્મ પોતે જે પરિસ્થિતિઓ દ્વારા પોતાનું પ્રાકટ્ય રચે છે તે પરિસ્થિતિઓમાંથી તે મુક્ત જ હોય છે. માયાનો અર્થ આટલો જ છે. આપણે પ્રભુ વિશે જે કાંઈ વિચાર કરીએ છીએ, યા તો જગતમાં જે કાંઈ જોઈએ છીએ તે દ્વારા તે કોઈ પણ રીતે બંધાયેલો વા મર્યાદિત બનેલો નથી. આપણે જે 'માયા'માંથી છૂટવાનું છે તે આ અજ્ઞાનની 'માયા'માંથી છે. એ અજ્ઞાન એમ માની લે છે કે બધા પદાર્થો અલગ અલગ રૂપે અસ્તિત્વમાં છે, એ પદાર્થો ઈશ્વર પોતે નથી, ચૈતન્ય નથી. એ અજ્ઞાન અમર્યાદિત પ્રભુને સાચેસાચ મર્યાદાબદ્ધ માની લે છે, મુક્તને બંધનમાં પડેલો માની લે છે. તમને શ્રીકૃષ્ણ અને ગોપીઓનો તે પ્રસંગ યાદ છે ને ? નારદ શ્રી કૃષ્ણને મળવા આવેલા ત્યારે તે ઘેર ઘેર ફરી વળ્યા. ત્યાં દરેક ઘરમાં શ્રીકૃષ્ણ જુદાં જુદાં કામો કરતા હતા. દરેક ગોપી પાસે જુદા જુદા શરીરે હાજર હતા. અને છતાં તે સર્વત્ર એના એ જ શ્રી કૃષ્ણ હતા ! આ વાર્તામાં ભક્તિનો ભાવ રહ્યો છે એ તો તમે જાણો જ છો. પરંતુ એ ઉપરાંત એમાં પ્રભુની વિશ્વલીલાનું પણ એક સારું દૃષ્ટાંત જોવા મળે છે. પ્રભુ સર્વ છે, દરેક જણ છે. પોતાની ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળો તથા ભિન્ન કર્મવાળો તે પ્રત્યેક પુરુષ છે અને છતાં સાથે સાથે તે પુરુષોત્તમ પણ છે. એ પોતાની રાધા સાથે, પરા પ્રકૃતિ સાથે વિદ્યમાન છે. આ સર્વ પદાર્થોને તે પોતાની અંદર એને ઇચ્છા થાય ત્યારે પાછા સંકેલી લઈ શકે છે અને જ્યારે પાછી ઇચ્છા થાય ત્યારે તેમને બહાર સર્જી શકે છે. એક દૃષ્ટિથી જોતાં સર્વ પદાર્થો પ્રભુ સાથે એકરૂપ જ છે, બીજી દૃષ્ટિથી જોતાં તેઓ એકરૂપ હોવા છતાં ભિન્ન છે અને વળી ત્રીજી દૃષ્ટિથી જોતાં તેનાથી હંમેશાં ભિન્ન રૂપે છે, કારણ કે તે સઘળા પ્રભુની અંદર તેની ઇચ્છા અનુસાર પ્રગટ વા અપ્રગટ રૂપે હમેશાં વિદ્યમાન રહેલા છે. આ જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓ અંગે વાદવિવાદ કરવામાં કશો લાભ નથી. પ્રભુનું તમને દર્શન થઈ જાય, ત્યાં લગી જરા થોભી જાઓ. તમને તમારા પોતા વિશે તથા પ્રભુ વિશે જ્ઞાન થઈ જવા દો અને પછી ચર્ચા કે વિવાદ કરવાની જરૂર નહિ રહે.

(યોગ અને તેનાં લક્ષ્ય : ૪૩-૪૫)

## શ્રીકૃષ્ણ – દિવ્ય પુરુષ

વૃન્દાવનના શ્રીકૃષ્ણ અને એમની લીલાની કથાઓ શબ્દશઃ સાચી છે કે ગહન આધ્યાત્મિક વાસ્તવિકતાનાં પ્રતીકો માત્ર છે એ પ્રશ્નનો ઉત્તર આપણે આધ્યાત્મિક તેમ જ ગૂઢ, રહસ્યમય અનુભૂતિનું કેટલું મૂલ્ય આંકીએ છીએ એના પર અવલંબે છે. એટલે કે ભૌતિક સ્તર કરતાં ચેતનાનાં અન્ય સ્તરો પરની હકીકતો તેમ જ વૈશ્વિક ચેતના તથા માનવની વ્યક્તિગત ચેતના અને સામૂહિક ચેતના વચ્ચે કયા પ્રકારના સંબંધો છે તેના પર એ પ્રશ્નના ઉત્તરનો આધાર રહેલો છે. આધ્યાત્મિક તેમ જ ગુહ્ય સત્યના દૃષ્ટિબિંદુથી જોઈએ તો માનવની ચેતનામાં જે



(અનુષ્ટુપ)

પ્રેમના પ્રભુ ઓ મારા, રસસાગર ગાગરે
સચ્ચિદાનંદને સૂરે બજાવો બ્રહ્મબંસરી

(ઉપજાતિ)

રસે રમો ને રસમાં રમાડો,
હૈયું ભરી દો રસથી, રસાત્મા !
રસે રસી દો રસના રસેપ્સુ !
રસે કરો પ્લાવિત આ રસાને !

શ્રી પૂજાલાલ

વસ્તુ આકાર ધારણ કરે છે તે હોય છે પ્રતિક્રિયા અને વિશિષ્ટ પ્રકારની રચના; જે એક કઠણ માધ્યમમાં આકાર લે છે. અને આ પ્રતિક્રિયા તથા વિશિષ્ટ રચના એવી વસ્તુઓની હોય છે જે મનુષ્યની ચેતના કરતાં પ્રકાશ, શક્તિ અને સૌંદર્યમાં ખૂબ જ મહત્તર હોય છે. અથવા એમના બળ અને એમની પહોંચમાં એ માનવ ચેતના કરતાં મહત્તર હોય છે, કારણ એ વસ્તુઓ વૈશ્વિક ચેતનામાંથી આવે છે. મનુષ્ય જે વૈશ્વિક ચેતનાનો એક મર્યાદિત અંશ છે. અને એની હાલની ઉત્ક્રાંતિની અવસ્થાએ તો મનુષ્ય એ વૈશ્વિક ચેતનાનો અજ્ઞાન અંશ છે....

*

કૃષ્ણચેતના એ એક વાસ્તવિક્તા છે. પરંતુ જો કૃષ્ણ જ ન હતા તો પછી કૃષ્ણચેતના હોઈ શકે નહિ. હા, તત્ત્વજ્ઞાનના એકલક્ષી અનુમાનોમાં એમ હોઈ શકે ખરું, પરંતુ વાસ્તવિકતામાં સચેતન પુરુષ સિવાય ચેતના સંભવી શકતી નથી. વ્યક્તિને આધારે જ વ્યક્તિતા ઘડાય છે. વ્યક્તિ જ વ્યક્તિતાને અસ્તિત્વમાં આણે છે; એ પોતે, પોતાની જાતને, એ વ્યક્તિતામાં પ્રકટ કરે છે. એ પોતે કંઈ એના દ્વારા ઘડાતો નથી. કૃષ્ણ એ એક સ્વરૂપ છે, વ્યક્તિ છે અને એ દિવ્ય પુરુષ છે જેને આપણે મળીએ છીએ, જેનો અવાજ સાંભળીએ છીએ, જેની સાથે વાતો કરીએ છીએ અને જેની સંનિધિ અનુભવીએ છીએ. કૃષ્ણચેતના એ કૃષ્ણથી અલગ વસ્તુ છે એમ કહેવું એ મનની ભૂલ છે, જે મન હંમેશાં અભિન્ન એવા તત્ત્વને ભિન્ન દર્શાવે છે અને જે અવૈયક્તિતાને વ્યક્તિ કરતાં મહાન, વધુ વાસ્તવિક અને સનાતન ગણે છે, કારણ કે તે અમૂર્ત છે. આવો ભેદ મનને પોતાને એના હેતુઓ માટે ઉપયોગી હોઈ શકે પણ એ સત્ય નથી; સત્ય એ છે કે સ્વરૂપ કે વ્યક્તિ અને તેની અવૈયક્તિતા અથવા સ્વરૂપની અવસ્થા એ એક જ વાસ્તવિક્તા છે. (CWSA 28 : 481)

## રાધા અને કૃષ્ણનો પ્રેમ

રાધા અને કૃષ્ણના ઉદ્દીપ્ત ભાવનાવાળા પ્રેમચિત્રમાં આત્માની પ્રભુ માટેની ઇચ્છા પ્રતીકાત્મક આકૃતિ રૂપે રજૂ થઈ છે. માનવમાં રહેલ પ્રકૃતિ રૂપી આત્મા પ્રેમ દ્વારા ઈશ્વરના આત્માની ઝંખના સેવે છે. ઈશ્વરના સૌંદર્ય દ્વારા માનવ આત્મા પકડાઈ ગયો છે, અભિભૂત થઈ ગયો છે. એની જાદૂઈ વાંસળીથી આકર્ષાયો છે. અને આ એક દુર્નિવાર ઉત્કટ ભાવના માટે એ માનવ ફરજો અને ફિકરોનો ત્યાગ કરી દે છે.... માનવ આત્માના પ્રભુ માટેના પ્રેમની લીલા.... (CWSA 20 : 379)

## કૃષ્ણ દિવ્ય સખા

કૃષ્ણ તે જગતમાં વ્યાપી રહેલા પરમાત્મા છે, પ્રત્યેક વ્યક્તિ અને પ્રત્યેક વસ્તુમાં તે એક દિવ્ય સાંનિધ્ય રૂપે આવી રહેલા છે. વળી કૃષ્ણ તે પરમાત્માના આનંદ અને પ્રેમનું પરમ સ્વરૂપ પણ છે. તે એક સ્મિત ભરેલી પ્રેમળતા સ્વરૂપ છે, વિનોદ ભરેલા આનંદ રૂપ છે. તેઓ એકી સાથે રમતના રમનાર છે, રમત છે અને રમતના ભેરુ છે. આ રમતને જ્યારે એનાં પરિણામો

સાથે આપણે પૂરેપૂરી જાણી લઈએ છીએ, એની કલ્પના બાંધી લઈએ છીએ, એ માટે સંકલ્પ કરીએ છીએ, એની રચના કરીએ છીએ અને જ્ઞાનપૂર્વક પૂરેપૂરી ખેલી લઈએ છીએ ત્યારે પછી એમાં રમતના આનંદ સિવાય બીજું કશું રહેવા પામતું નથી. એટલે કૃષ્ણને જોવા એટલે કે અંતરમાં રહેલા પ્રભુને શોધી કાઢવા, કૃષ્ણની સાથે રમવું એટલે આ આંતર દિવ્યતા સાથે એકરૂપ થઈ જવું અને એમની ચેતનામાં સહભાગી બનવું. તમે જ્યારે આ સ્થિતિમાં પહોંચો છો ત્યારે તરત જ આ દિવ્ય લીલાના પરમ આનંદમાં પહોંચી જાઓ છો અને પ્રભુ સાથેની તમારી એકતા જેટલી વધુ સંપૂર્ણ હશે તેટલી તમારી સ્થિતિ વધુ સંપૂર્ણ બનશે.

પરંતુ ચેતનાનો કોઈ ખૂણો જો પોતામાં સામાન્ય રીતની દૃષ્ટિ પકડી રાખે, સામાન્ય રીતની સમજણ અને સામાન્ય રીતનાં સંવેદનોને પકડી રાખે તો પછી તમને બીજા લોકો દુઃખી થતા દેખાશે, આટલું બધું દુઃખ ઉત્પન્ન કરનારી લીલા તમને ઘણી ક્રૂર લાગશે અને તમે આ બધામાંથી એવો અર્થ તારવશો કે જે પ્રભુને આવી રમતમાં મજા પડતી હોય તો તે એક મહા જુલમગાર હોવો જોઈએ. પણ આથી ઊલટું, તમને જ્યારે પ્રભુ સાથે તાદાત્મ્યનો અનુભવ થાય છે ત્યારે તમે પ્રભુ પોતાની રમતમાં જે અપાર અને અદ્ભુત પ્રેમ પૂરી રહેલા હોય છે તે ભૂલી શકતા નથી. તમને પછી સમજાય છે કે આપણે જે નિર્ણય બાંધેલો હોય છે તે આપણી દૃષ્ટિની મર્યાદામાંથી જ બાંધેલો હોય છે; તમે જુઓ છો કે પ્રભુ તે એક ઉદાર જુલમગાર નથી, પણ એક મહા દિવ્ય પ્રેમ સ્વરૂપ છે. જગત તથા માણસો પૂર્ણતા તરફની યાત્રામાં ક્રમે ક્રમે આગળ જઈ રહેલાં છે તેમને તેમાં પ્રભુ ઝડપીમાં ઝડપી માર્ગે આગળ લઈ જવાનું કામ કરે છે. આ પૂર્ણતા જો કે હંમેશાં સાપેક્ષ રીતની જ હોય છે અને તેને વટાવીને હંમેશાં આગળ જઈ શકાય છે.

પણ એક દિવસ એવો આવશે જ્યારે આ યાત્રામાં વેગ લાવવાને માટે આ બહારની નજરે દુઃખરૂપ દેખાતી વસ્તુની જરૂર રહેશે નહિ અને વધુને વધુ સંવાદિત રીતે અને આનંદપૂર્વક પ્રગતિ કરી શકાશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૫૩-૫૪)

## દિવ્ય બાળક કૃષ્ણ

કૃષ્ણ એ અંતર્યામી તથા વૈશ્વિક પરમાત્મા છે. આપણા સ્વરૂપની અંદર તેમ જ આ પ્રકટ વિશ્વમાં જે કાંઈ સમાયેલું છે તે સર્વમાં આપણે એમને મળી શકીએ છીએ.

અને કૃષ્ણને હંમેશાં બાળક સ્વરૂપે જ શા માટે રજૂ કરવામાં આવે છે એ તમારે જાણવું છે ? એ એટલા માટે કે તે સતત પ્રગતિશીલ છે. જગતે જેટલી માત્રામાં પૂર્ણતા પ્રતિ ગતિ કરી છે તેટલી જ માત્રામાં એની લીલા પણ પૂર્ણ કરી લેવામાં આવે છે – ગઈકાલની જે લીલા હતી તે આવતીકાલની લીલા રહેશે નહિ; કૃષ્ણની લીલા જગત જેટલી માત્રામાં એને પ્રતિભાવ આપવાની તથા એને માણવાની ક્ષમતા કેળવશે તેટલી માત્રામાં વધુને વધુ સંવાદમય, શુભ અને આનંદદાયી બનતી રહેશે.

*

ગો લોક એ પ્રેમ, સૌંદર્ય અને આનંદનું આધ્યાત્મિક કાંતિ સભર વિશ્વ છે. આપણે જો વૈકુંઠ કે ગો લોક પ્રત્યેકને દિવ્યતાના (વિષ્ણુ કે કૃષ્ણ) વિશ્વ તરીકે ગણીએ તો સ્વાભાવિક રીતે આપણે એનું સ્થાન કે એનું મૂળ અધિમનસમાં શોધવા પ્રેરાઈશું. અધિમનસ દેવોના ઉચ્ચતમ વિશ્વોની ભૂમિકા છે. ... ગો લોક દેખીતી રીતે જ પ્રેમ, સૌંદર્ય અને આનંદનું વિશ્વ છે, જે આધ્યાત્મિક કાન્તિથી સભર છે. (ગાય છે આધ્યાત્મિક પ્રકાશનું પ્રતીક). ગોપ અને ગોપીઓ આત્મ સ્વરૂપે છે, જે ગો લોકોના માલિક છે અને રખેવાળ છે. (CWSA 28 : 140)

## કૃષ્ણના ભેરુ બનવું

આ વિવિધતાભર્યું લીલામય જગત જીવના આનંદને માટે છે. ભગવાનનો એવો ઉદ્દેશ નથી કે આ આનંદમય લીલા સમાપ્ત થાય. જીવને પોતાનો મિત્ર, પોતાની રમતનો સાથીદાર બનાવીને ભગવાન પોતે જગતમાં આનંદનાં વહેણ વહેવડાવવા ઇચ્છે છે. આપણે જે અજ્ઞાનઘેરા અંધારામાં છીએ, તે અંધારું તેમની ક્રીડાની અનુકૂળતાને માટે પોતે દૂર છે ત્યાં લગી આપણી આસપાસ છવાયેલું છે. તેમણે ઘણા માર્ગો જણાવ્યા છે જેને આધારે આપણે એ અંધારામાંથી બચી જઈને તેમનું નિકટપણું પામી શકીએ. જેઓ તેમની લીલામાંથી દૂર થવા ઇચ્છે છે અથવા તેમાં વિશ્રામ પ્રાર્થે છે તેમના કોડ તેઓ પૂરે છે. પરંતુ જેઓ તેમને જ ખાતર તેમણે સૂચવેલા ઉપાયોનું શરણ લે છે તેમને ભગવાન આ લોકમાં તેમ જ પરલોકમાં પોતાની રમતના સાથીદાર બનાવે છે. અર્જુન શ્રીકૃષ્ણના પ્રિય મિત્ર અને તેમની ક્રીડાના સહચર હોવાથી ગીતાના ગૂઢતમ શિક્ષણને પાત્ર બની શક્યા. (શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ : પૃ. ૭૧-૭૨)

## ભાગવત અને વૃંદાવન વિશેનું સત્ય

બાળક : મધુર માતાજી, વૃંદાવન જો પૃથ્વી ઉપર નથી તો કોઈ બીજે ઠેકાણે છે ?

ઉત્તર : દેવોના જગતમાં એક એવું આદર્શ અને સંવાદપૂર્ણ વૃંદાવન રહેલું છે જેનું, આ પૃથ્વી ઉપરનું વૃંદાવન કેવળ એક વિકૃત અને હાસ્યજનક રૂપ છે.

જે લોકોનો આંતરિક વિકાસ થઈ ચૂક્યો છે; પછી એ ઇન્દ્રિયોનો વિકાસ હોય કે આત્માનો વિકાસ હોય, તે છતાં, તેઓ જે સત્યોને સામાન્ય મનુષ્યો જોઈ શકતા નથી તેને જોવા પામે છે અને એમનામાંથી પ્રેરણા પામે છે.

એટલે પછી ભાગવતના લેખક એક હોય છે કે અનેક, છતાં પણ એ ખરે જ એક સુંદર, ખૂબ વાસ્તવિક અને સાચા આંતરિક જગતની સાથે સંબંધ રાખતા હતા. એ લેખકોએ જે કાંઈ વર્ણન કરેલું છે તે બધું જ એમણે એ જ જગતમાં જોયું અને અનુભવ્યું હતું.

શ્રીકૃષ્ણ મનુષ્યના શરીરમાં આ પૃથ્વી ઉપર ઉપસ્થિત થયેલા કે નહિ એ એક અત્યંત ગૌણ હકીકત છે. (કદાચ તદ્દન ઐતિહાસિક દૃષ્ટિએ એનું કાંઈ મહત્ત્વ હોઈ શકે), પરંતુ કૃષ્ણ પોતે એક વાસ્તવિક, સજીવન અને કાર્યરત સ્વરૂપ હતા અને એમનો પ્રભાવ આ પૃથ્વીના વિકાસ અને રૂપાંતરમાં એક ખૂબ અગત્યની વસ્તુ રહેલી છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : પૃ. ૬૪)

# કૃષ્ણ – ઐતિહાસિક અસ્તિત્વ

## પ્રભુનો જગત સાથેનો વ્યવહાર

... માનવરૂપે શ્રીકૃષ્ણ મહાભારતના યુદ્ધના મહાન પ્રસંગની પાછળ ઊભા રહે છે. પોતે મહારાથી તરીકે આગળ આવતા નથી પણ ગુહ્ય કેન્દ્ર તરીકે, છૂપા નેતા તરીકે પડદા પાછળ રહે છે. આ એમનું કાર્ય લાક્ષણિક અને લગભગ પ્રતીકના જેવું છે. મહાભારતનો પ્રસંગ સકળ માનવ સમુદાયો અને રાષ્ટોના કાર્યનો પ્રસંગ છે. પોતાને અંગત રીતે કશો લાભ થવાનો નથી, એવા કેટલાક લોકો એ પ્રયત્નમાં અને એની ફળપ્રાપ્તિમાં મદદ કરવાને આવ્યા છે. શ્રીકૃષ્ણ એ લોકોના નેતા છે. જ્યારે બીજા કેટલાક એના વિરોધી તરીકે પણ આવ્યા છે. એમને માટે શ્રીકૃષ્ણ એક વિરોધી છે, એમની બાજીઓ ધૂળમાં મેળવનાર, એમનો સંહાર કરાવનારા છે, અને એમાંના કેટલાકને મન તો શ્રીકૃષ્ણ સર્વ પ્રકારના અનિષ્ટને ઉત્તેજન આપનાર, પોતાની જૂની સઘળી વ્યવસ્થાનો અને પરિચિત જગતનો વિનાશ કરનાર, પોતે સ્વીકારેલાં શ્રેય અને સદ્‌ગુણનાં સ્થાપિત ધોરણોને ઊલટાવી નાખનાર વ્યક્તિ છે. એ સંગ્રામમાં ભેગા થયેલામાંના કેટલાક જે ફલસિદ્ધિ થવાની છે તેના પ્રતિનિધિ રૂપ છે. એમને માટે શ્રીકૃષ્ણ મંત્રી છે, સહાયક છે, સુહૃદ છે, મિત્ર છે. જ્યાં જ્યાં યુદ્ધની ક્રિયા એની સ્વાભાવિક ગતિએ ચાલે છે, યા તો એ કાર્યમાં ભાગ લેનારાઓને જ્યાં દુશ્મનોને હાથે ખમવાનું હોય છે, તથા પોતાનો આત્મસંયમ કેળવાય એટલા ખાતર એમને મુશ્કેલીઓમાંથી પસાર થવાનું હોય છે, ત્યાં ત્યાં કુરુક્ષેત્રમાં આપણને અવતારની હાજરી દેખાતી નથી, અથવા દેખાય છે તો પ્રસંગાનુસાર સહાય અને દિલાસો આપવા પૂરતી જ દેખાય છે. પરંતુ કોઈ કટોકટીનો પ્રસંગ આવતાં તુરત જ આપણને અવતારનો હાથ દેખાય છે; પણ તે એવી સૂક્ષ્મ રીતે કાર્ય કરતો હોય છે કે બધાં પાત્રો પોતાની જાતને એ પ્રસંગના નાયક તરીકે ગણે છે. અવતારનો નિકટનો મિત્ર, એનું મુખ્ય કરણ અર્જુન પણ પોતે અવતારનું કરણ છે એ વાત જાણતો નથી, અને આખરે એ કબૂલ કરે છે કે પોતાના દિવ્ય મિત્રને તેણે આખો વખત પિછાન્યો જ ન હતો. અર્જુને અત્યાર સુધી શ્રીકૃષ્ણ પાસેથી જ્ઞાનપ્રેરિત સલાહ લીધી છે, એની સહાય પણ લીધી છે, એના પર પોતે પ્રેમ રાખ્યો છે અને એનો પ્રેમ ચાખ્યો છે, અને એની દિવ્યતાને જાણ્યા વગર જ અર્જુને એની આશ્ચર્યપ્રેરિત ભક્તિ પણ કરી છે; પરંતુ બીજાઓની પેઠે એને પણ એની પોતાની અહંતા વડે શ્રીકૃષ્ણે દોર્યો છે. વળી એને જે સલાહ, સહાય ને દોરવણી આપવામાં આવ્યાં છે તે પોતાના અજ્ઞાનની ભાષામાં અને અજ્ઞાનમાં કાર્ય કરતા વિચારો મારફત જ અર્જુને ઝીલ્યાં છે. કુરુક્ષેત્રના મેદાન ઉપર જ્યારે ભીષણ પરિણામને માટે બધી પરિસ્થિતિ છેક તૈયાર થઈ જાય છે અને આખરે અવતાર પોતે એક યોદ્ધા તરીકે નહિ પરંતુ સંગ્રામનું ભાવિ જેની સાથે જોડાયેલું છે તે રથના સારથિ તરીકે દેખાય છે ત્યાં સુધી અવતારે પોતે, જેમને કરણ તરીકે પસંદ કરેલા છે તેમને, પણ પોતાની જાત પ્રગટ કરી નથી.

આ રીતે શ્રીકૃષ્ણનું ઉદાહરણ પ્રભુના જગત સાથેના વ્યવહારનું એક સારામાં સારું પ્રતીક થઈ રહે છે. (ગીતા નિબંધો : પૃ. ૧૭-૧૮)

## અર્જુન અને શ્રીકૃષ્ણની પ્રતીક રૂપ મૈત્રી

અર્જુન અને શ્રીકૃષ્ણની પ્રતીક રૂપ મૈત્રી હિંદની વિચારધારામાં ઇન્દ્ર અને કુત્સ એક રથમાં બેસીને સ્વર્ગ પ્રત્યે ગતિ કરે છે એ વેદના રૂપકમાં તથા એક જ વૃક્ષ ઉપર બેઠેલાં બે પક્ષીઓની ઉપમા દ્વારા ઉપનિષદમાં દર્શાવવામાં આવી છે. નર-નારાયણ નામના ઋષિઓની જોડી જ્ઞાનને માટે સદા સાથે તપસ્યા કરે છે એ રૂપકના ભાવમાં પણ એ સંબંધનો ઉલ્લેખ થયેલો છે. એ ત્રણેયમાં માનવ અને પ્રભુ વચ્ચેની એ મૈત્રી દ્વારા દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરવાનો વિચાર મુખ્ય છે. ગીતા કહે છે તેમ સર્વ કર્મ આખરે જ્ઞાનમાં પરિસમાપ્તિને પામે છે. અહીં ગીતામાં કહેલો કર્મયોગ એ જ્ઞાનની પ્રાપ્તિ પ્રત્યે માનવને દોરે છે, અને તેમાં દિવ્ય જ્ઞાતારૂપે પ્રભુ પોતે રજૂ થાય છે. અર્જુન અને કૃષ્ણ, એક માનવ અને બીજા પ્રભુ, બન્ને એકસાથે ગીતામાં ઉપસ્થિત થયેલા છે તે ધ્યાન કરવાની શાંત પર્ણકુટિમાં રહેલા ઋષિઓ તરીકે નહિ, પરંતુ એક તુમુલ, કોલાહલથી ભરપૂર સંગ્રામના મેદાન પર જીવલેણ બાણોની વૃષ્ટિ વચ્ચે રથમાં બેઠેલા મહારથી અને તેના સારથિ તરીકે. આમ, ગીતાના ગુરુ માનવમાં રહેલા પોતાને કેવળ જ્ઞાનમય રૂપમાં પ્રગટ કરનાર પ્રભુ જ નથી; એ એવો પ્રભુ છે જે આપણા સમગ્ર કર્મમય જીવનનું સંચાલન કરે છે, જેને માટે અને જેના વડે આપણી સમગ્ર માનવજાતિ જીવે છે, ઝૂઝે છે અને પરિશ્રમ કરે છે, જેના પ્રત્યે સમગ્ર માનવજીવન ગતિ અને પ્રગતિ કરી રહેલું છે, આ પ્રભુ જ સર્વ યજ્ઞ અને કર્મનો ઈશ છે, માનવપ્રજાઓનો સખા છે. (ગીતા નિબંધો : પૃ. ૧૯)

## શ્રીકૃષ્ણ પૃથ્વી ઉપર ખરેખર અસ્તિત્વ ધરાવતા હતા

કૃષ્ણના ઐતિહાસિક અસ્તિત્વનું મહત્ત્વ આધ્યાત્મિક રીતે ઓછું મહત્ત્વનું છે અને તે મૂળભૂત રીતે જરૂરી પણ નથી. તેમ છતાં તે ઠીક ઠીક પ્રમાણમાં જરૂરી છે. કૃષ્ણ એ કોઈ દંતકથાનું પાત્ર નહોતા અથવા કવિકલ્પનાનું સર્જન પણ ન હતા, પરંતુ એક વ્યક્તિ તરીકે સાચેસાચ અસ્તિત્વ ધરાવતા હતા અને હિંદના ભૂતકાળમાં તેમણે ભાગ ભજવ્યો છે – આ બાબતમાં કોઈ વાજબી શંકા ઉઠાવી શકાય એવું મને લાગતું નથી. મહાભારત અને પુરાણોમાં જે ઉલ્લેખ છે તદ્‌ઉપરાંત બે હકીકતો અહીં સ્પષ્ટ રીતે તરી આવે છે. એક એ કે તેઓ એક મહત્ત્વની આધ્યાત્મિક વ્યક્તિ તરીકે પંકાયેલા હતા, જેમના આધ્યાત્મિક પ્રકાશની વાત એક ઉપનિષદ્‌માં નોંધાયેલી હતી. બીજી હકીકત એ કે કૃષ્ણને પરંપરાગત રીતે દિવ્ય પુરુષ તરીકે ગણવામાં આવ્યા હતા, જેની પોતાના મૃત્યુ બાદ દેવ તરીકે પૂજા થતી હતી. ભાગવત ધર્મનો વિકાસ – જે ભારતની આધ્યાત્મિકતાના ઝરણામાં મહત્ત્વનો એક પ્રવાહ છે – એની સાથે કૃષ્ણનું નામ જે રીતે જોડાયેલું છે તે ફક્ત પુરાણકથાને આધારે કે કવિની કલ્પનાને લઈને બન્યું છે એમ માનવાને કોઈ કારણ નથી. મહાભારત એ એક કવિતા છે, ઇતિહાસ નથી, પરંતુ એ મહાન ઐતિહાસિક પ્રસંગને આધારે રચાયેલું કાવ્ય છે, જે પ્રસંગ પરંપરાગત રીતે સ્મૃતિમાં સાચવી રખાયો હતો. એનાં કેટલાંક પાત્રો દા.ત. ધૃતરાષ્ટ્ર, પરિક્ષિત વિ. સાચેજ અસ્તિત્વ ધરાવતા હતા, અને કૃષ્ણે એક નેતા તરીકે, યોદ્ધા તરીકે તેમ જ રાજપુરુષ તરીકે જે

ભાગ ભજવ્યો હતો તે વાત પણ એક શક્યતા તરીકે સ્વીકારી શકાય એમ છે. આ વસ્તુઓ પાછળ માત્ર કવિ કલ્પના છે અથવા એ ઉપજાવી કાઢેલી વાત છે એવું નથી. આખી ઘટના એક પરંપરાને આધારે રચાયેલી છે અને એનું ઐતિહાસિક મહત્ત્વ સ્વીકારી શકાય એમ છે. માનવ કૃષ્ણની ઐતિહાસિક વ્યક્તિતા વિશે સૈદ્ધાંતિક રીતે આટલું તર્કયુક્ત તારણ કાઢી શકાય. પરંતુ મારી દૃષ્ટિએ એમાં આનાથી વધારે કંઈક સમાયેલું છે. મેં હંમેશાં કૃષ્ણના અવતારનો એક વાસ્તવિક્તા તરીકે સ્વીકાર કર્યો છે અને જે રીતે ઈશુ ખ્રિસ્તને એક ઐતિહાસિક વ્યક્તિતા તરીકે મેં સ્વીકાર્યા છે એ જ રીતે શ્રીકૃષ્ણના ઐતિહાસિક અસ્તિત્વનો પણ હું સ્વીકાર કરું છું.

(CWSA 28 : 482-83)

## ઇતિહાસના શ્રીકૃષ્ણ અલબત્ત થયા હતા

ઇતિહાસના શ્રીકૃષ્ણ અલબત્ત થયા હતા. એમના નામનો પ્રથમ ઉલ્લેખ છાંદોગ્ય ઉપનિષદમાં આવે છે. ત્યાં તો શ્રીકૃષ્ણ બ્રહ્મજ્ઞાનીઓમાં એક પ્રખ્યાત વ્યક્તિ હતા એમ જણાય છે, અને તે એટલે સુધી કે એમના વ્યક્તિત્વના અને જીવનના સંજોગોનો પરિચય આપવા માટે 'દેવકીના પુત્ર' એટલા વર્ણન પરથી કયી વ્યક્તિનો ઉલ્લેખ છે તે લોકો સમજી લેતા એટલા સુવિખ્યાત તે હતા. વળી એ જ ઉપનિષદમાં ધૃતરાષ્ટ્ર વિચિત્રવીર્યનો પુત્ર હતો એવો ઉલ્લેખ પણ આવે છે. મહાભારતમાં ધૃતરાષ્ટ્ર અને શ્રીકૃષ્ણ એ બન્નેને આગળ પડતો ભાગ લેનારા સમકાલીન નેતાઓ તરીકે વર્ણવ્યા છે તે ઉપરથી આપણે એવું અનુમાન પ્રામાણિકપણે તારવી શકીએ કે એ બન્ને હકીકતમાં પણ સમકાલીન હોવા જોઈએ. મહાભારતમાં આવતાં પાત્રો મોટા ભાગે ઇતિહાસમાં થઈ ગયેલાં પાત્રો છે અને કુરુક્ષેત્રનો સંગ્રામ ઇતિહાસમાં બનેલી ઘટના છે જેની સ્મૃતિની છાપ હિંદની પ્રજાના માનસ પર દૃઢપણે પડેલી રહી છે. વળી શ્રીકૃષ્ણ અને અર્જુન એ બે મહાન વ્યક્તિઓની પૂજા ક્રિશ્ચિયન શક શરૂ થયો તે પહેલાં હિંદમાં પ્રચલિત હતી એ પણ આપણે જાણીએ છીએ. અને એ બન્ને ધાર્મિક અને દાર્શનિક પરંપરાના આદ્ય પ્રવર્તક, જ્ઞાન, ભક્તિ અને કર્મ એ ત્રણેની એકતા દર્શાવનાર હતા એ પણ આપણે જાણીએ છીએ. એ ધાર્મિક અને દાર્શનિક પરંપરાના સંબંધને લઈને એ બન્નેની પૂજા પ્રચલિત હતી. અને કદાચ ગીતાએ પોતાના સમન્વયનાં તત્ત્વોમાંનાં ઘણાં એ પરંપરામાંથી પણ ભેગાં કર્યાં હોય એ પણ શક્ય છે. વળી જ્ઞાન, કર્મ અને ભક્તિના એના સમન્વયનો પાયો એને એમાંથી જ મળી આવ્યો હોય એ પણ સંભવિત છે. માનવ તરીકે શ્રીકૃષ્ણ એ સંપ્રદાયના સંસ્થાપક, પુનરુદ્ધારક અથવા તો, કાંઈ નહિ તો, એ પરંપરાના આદિ ઉપદેશકોમાંના એક હોય એ પણ સંભવિત છે. ગીતાનું બાહ્ય સ્વરૂપ વધારે આધુનિક છે છતાં શ્રીકૃષ્ણે આપેલા ઉપદેશનું જ તે પરિણામ હોય એ પણ સંભવિત લાગે છે. અને તેથી ગીતા જે ઉપદેશ આપે છે તેનો ઇતિહાસના શ્રીકૃષ્ણ, અર્જુન અને મહાભારતના કુરુક્ષેત્ર જોડેનો સંબંધ કેવળ કલ્પનાથી ઉપજાવેલી પરિસ્થિતિ કરતાં કાંઈક વધારે ઊંડો હોય એ પણ શક્ય છે.

મહાભારતમાં શ્રીકૃષ્ણ ઇતિહાસમાં થયેલા પુરુષ અને અવતાર બન્ને તરીકે વર્ણવાયા છે.

એટલે મહાભારતની જૂની વાર્તાએ ને કવિતાએ, અથવા તો પુરાણકથાએ એનું અત્યારનું સ્વરૂપ લીધું ત્યારે શ્રીકૃષ્ણની ભક્તિ, પૂજા ને એમનું અવતારત્વ જનસમાજમાં સારી રીતે સ્થાપન થઈ ગયેલું હોવું જોઈએ. આ ઘટના ઈ.સ. પૂર્વે પાંચમીથી પહેલી સદી સુધીમાં બનેલી હોવી જોઈએ. વળી શ્રીકૃષ્ણની બાલ્યાવસ્થા વૃંદાવનમાં પસાર થઈ હતી એવી સૂચના પણ મહાભારતમાં રહેલી છે. તેના પરથી પુરાણોએ એક સમર્થ આધ્યાત્મિક પ્રતીકનો વિકાસ કર્યો છે અને તેણે આખા હિંદના ધાર્મિક માનસ પર ઘણી જ ઊંડી અસર કરી છે. હરિવંશમાં પણ શ્રીકૃષ્ણનું ચરિત્ર આપવામાં આવ્યું છે. એ દંતકથાઓથી ભરેલું છે અને તેનો આધાર પાછળનાં પુરાણોએ લીધો હોય એમ લાગે છે. (ગીતા નિબંધો : પૃ. ૧૫-૧૬)

## વૃંદાવન, ગોકુલ અને ગોપીઓની લીલા

વૃંદાવનની કથા એ જુદી બાબત છે, મહાભારતની મુખ્ય વાર્તામાં એ આવતી નથી અને એ પુરાણમાંથી લેવામાં આવી છે, તથા એમ પણ તારણ કાઢી શકાય કે એનો હેતુ પ્રતીકાત્મક ચારિત્ર્ય ઉપસાવવાનો જ હતો. એક સમયે મેં પણ આ પ્રકારનો ખુલાસો સ્વીકારી લીધો હતો, પરંતુ પાછળથી મારે એ ખ્યાલ છોડી દેવો પડ્યો હતો....

મને એમ લાગે છે કે વૃંદાવનની લીલા, સાચેસાચ બનેલી ઘટના તરીકે અથવા ક્યાંક એ બની રહી હોય એ પ્રમાણે વર્ણવવામાં આવી છે. તેમને માટે ગોપીઓ એ માત્ર પ્રતીકો નહિ પણ વાસ્તવિકતાઓ છે. પુરાણો મુજબ ગોપીઓ કંઈ નહિ તો છેવટે એક ગૂઢ સત્ય છે અને ગૂઢ તેમજ પ્રતીકાત્મક વસ્તુઓ એ બંને એક જ નથી, પ્રતીક એ માત્ર સાંકેતિક મનોમય રચના કે તરંગી ઉપજ હોઈ શકે, પરંતુ ગુહ્ય વસ્તુ એક વાસ્તવિકતા હોય છે અને આ ભૌતિક પદાર્થની પાછળ કોઈક ભૂમિકાએ એ નક્કર હયાતી ધરાવતી હોય છે અને એનું સત્ય આ પૃથ્વી પરની વસ્તુઓને લાગુ પડી શકે છે તેમ જ એની અસર પૃથ્વી ઉપર સાકાર સ્વરૂપે પ્રગટ થઈ શકે છે. ગોપીઓની લીલા એ રીતે વર્ણવાઈ છે કે, જાણે કે એ દિવ્ય ગોકુલમાં કાયમને માટે થતી રહેતી એક સતત ક્રિયા છે અને તે અહીં સ્થૂળ વૃંદાવનમાં જાણે પ્રતિબિંબિત થઈ રહી છે. એનો હંમેશા આત્મસાક્ષાત્કાર થઈ શકે છે અને એનું સાચું રહસ્ય આત્મા સમક્ષ પ્રકટ થઈ શકે છે.

## આંતરિક સંપર્ક વધુ મહત્ત્વનો

આ પ્રશ્નો અને તેમાંથી ઉત્પન્ન થયેલા વિચારોને આધ્યાત્મિક જીવન સાથે કોઈ અનિવાર્ય એવો સંબંધ નથી. આધ્યાત્મિક જીવનમાં ખરી મહત્ત્વની વસ્તુ છે કૃષ્ણ સાથેનો સંપર્ક, કૃષ્ણ ચેતના પ્રત્યેનો વિકાસ; કૃષ્ણનું સાંનિધ્ય, કૃષ્ણ સાથે આધ્યાત્મિક સંબંધ, કૃષ્ણ સાથે આત્મામાં મિલન, અને આ જ્યાં સુધી પ્રાપ્ત ન થયું હોય ત્યાં સુધી એ પ્રાપ્ત કરવા માટેની અભીપ્સા, ભક્તિમાં વૃદ્ધિ, અને માર્ગ પર આગળ વધતાં જે કંઈ પ્રકાશ મેળવી શકાય તે મેળવવો, જે સાધકને આ વસ્તુઓ મળી ચૂકેલી છે, જે કૃષ્ણના સાંનિધ્યમાં રહેલો છે જેણે કૃષ્ણનો અવાજ સાંભળ્યો છે, કૃષ્ણને મિત્ર તરીકે, પ્રિયતમ તરીકે, માર્ગદર્શક શિક્ષક અને ગુરુ તરીકે જેણે જાણ્યા છે, અથવા આથીયે વિશેષ તો કૃષ્ણના સંપર્કને લીધે પોતાની આખીય ચેતનામાં જેણે

પલટો આવી ગયેલો જોયો છે, અથવા તો પોતાની અંદર કૃષ્ણનું સાંનિધ્ય અનુભવ્યું છે, તેને માટે આવા પ્રશ્નોની અંદર માત્ર એક બહારનો અને ઉપરછલ્લો રસ જ હોઈ શકે. એ જ પ્રમાણે જે સાધકને આ આંતરિક સૂક્ષ્મ વૃંદાવનનો અને ગોપીઓની લીલાનો અનુભવ થયો છે, જેણે પોતાનું સમર્પણ કરેલું છે અને કૃષ્ણના આનંદ તેમ જ સૌંદર્યની મોહિની અનુભવી છે, યા તો માત્ર કૃષ્ણની બંસીના અવાજને પણ જેણે ઝીલ્યો છે તેને માટે આ બીજી બાબતોનું ભાગ્યે જ કશું મહત્ત્વ રહે છે. (CWSA 28 : 482-84)

## બાહ્ય સ્વરૂપની અગત્ય ગૌણ બને છે

આ પ્રમાણે જ્યારે આપણે અવતારના તત્ત્વને સમજીએ છીએ ત્યારે ગીતામાં જે મૂળગત ઉપદેશ, જે આપણો અત્યારનો વિષય છે તેને માટે, અથવા તો, સામાન્ય રીતે આધ્યાત્મિક જીવન માટે, અવતારના બાહ્ય સ્વરૂપની અગત્ય કેવળ ગૌણ બને છે. યુરોપમાં ક્રાઈસ્ટ ઐતિહાસિક પુરુષ છે કે નહિ તે વિશે જે ઉદ્દામ ચર્ચાઓ થયેલી છે તે આધ્યાત્મિક વૃત્તિવાળા હિંદુને તો મોટેભાગે વખતનો દુરુપયોગ જ લાગે. એવી ચર્ચાને તે ઈતિહાસની દૃષ્ટિએ ઘણી અગત્યની ગણે, પરંતુ એને ધાર્મિક અગત્ય તો બિલકુલ નહિ આપે. કારણ કે આખરે જોવા જાઓ તો જોસફ નામના સુતારને જીસસ નામે કોઈ પુત્ર નઝારેથમાં કે બેથલેહેમમાં જન્મ્યો હતો કે નહિ, તેણે પોતાનું જીવન કેમ ગાળ્યું અને કેવો ઉપદેશ આપ્યો તથા સાચા કે ખોટા, બનાવટી દેશદ્રોહના આરોપસર તેને મારી નાખવામાં આવ્યો હતો કે નહિ, એ બધા પ્રશ્નોની એટલી બધી શી અગત્ય છે ? જ્યાં સુધી આપણે આધ્યાત્મિક અનુભૂતિ દ્વારા આપણા અંતરમાં રહેલા ક્રાઈસ્ટને જાણી શકીએ છીએ, એના ઉપદેશના પ્રકાશમાં ઉન્નત જીવન જીવી શકીએ છીએ, અને માનવ માટેનું પ્રાયશ્ચિત — ક્રુસ પર ચડાવવાની ક્રિયા એ તે પ્રાયશ્ચિત્તનું પ્રતીક છે તે — કરીને પ્રકૃતિના નિયમની ધૂંસરીમાંથી આપણે છૂટી જઈ પ્રભુ સાથે એક થઈ શકીએ છીએ ત્યાં સુધી એ પ્રશ્નો એટલા બધા અગત્યના નથી. આપણી અંદરની આધ્યાત્મિક સત્-તામાં માનવરૂપ થયેલ પ્રભુ ક્રાઈસ્ટ જીવન ધારણ કરી શકે તેમ છે તો પછી મેરીનો પુત્ર સ્થૂલ રૂપે જીવ્યો હતો કે નહિ, એણે દુઃખ સહન કરેલું હતું કે નહિ, અને જ્યુડિયામાં તે મરણ પામ્યો હતો કે નહિ એ જાણવાનું શું મહત્ત્વ છે ? એ જ પ્રમાણે શ્રીકૃષ્ણ આપણે માટે પ્રભુનો સનાતન અવતાર છે, ઈતિહાસમાં થઈ ગયેલ ગુરુ તથા માનવનો નેતા માત્ર નથી. (ગીતા નિબંધો : પૃ. ૧૪-૧૫)

## શ્રીકૃષ્ણ - અવતારની અનેક બાજુઓ

શ્રીકૃષ્ણ અવતાર છે : માનવદેહે મનુષ્યનો શારીરિક, માનસિક તેમ જ આધ્યાત્મિક ધર્મ ગ્રહણ કરીને તે પ્રમાણે લીલા કરી ગયા છે. જો આપણે આ લીલાનો પ્રગટ અને ગૂઢ અર્થ પામી શકીએ, તો આ જગદ્‌વ્યાપી લીલાનો અર્થ, તેનો ઉદ્દેશ, તેની પ્રણાલી પણ પામી શકીએ. આ મહાન લીલાનું મુખ્ય અંગ પૂર્ણજ્ઞાનપ્રવર્તિત કર્મ છે. આ કર્મમાં અને એ લીલાના મૂળમાં કયું જ્ઞાન રહેલું છે, તે ગીતામાં પ્રકાશ પામ્યું છે.

મહાભારતના શ્રીકૃષ્ણ કર્મવીર, મહાયોગી, મહાસંસારી, સામ્રાજ્ય-સ્થાપક, રાજનીતિજ્ઞ, યોદ્ધા અને ક્ષત્રિયદેહે બ્રહ્મજ્ઞાની હતા. તેમના જીવનમાં મહાશક્તિનો અનુપમ વિકાસ અને રહસ્યમય ક્રીડા જોવામાં આવે છે. આ રહસ્યની વ્યાખ્યા તે ગીતા છે.

શ્રીકૃષ્ણ જેમ એક બાજુથી જગન્નાથ, વિશ્વવ્યાપી વાસુદેવ છે, તેમ બીજી બાજુથી પોતાનો મહિમા પ્રચ્છન્ન રાખીને પિતા, પુત્ર, ભ્રાતા, પતિ, સખા, મિત્ર, શત્રુ ઇત્યાદિ સંબંધો સ્થાપીને અનુપમ માનવલીલા પણ કરી ગયા છે. તેમના જીવનમાં આર્યજ્ઞાનનું શ્રેષ્ઠ રહસ્ય તેમ જ ભક્તિમાર્ગનું ઉત્તમ શિક્ષણ રહેલાં છે. આનાં તત્ત્વો પણ ગીતોક્ત શિક્ષણમાં અંતર્ગત છે.

શ્રીકૃષ્ણ દ્વાપર અને કળિયુગના સંધિસ્થળે અવતર્યા. કલ્પે કલ્પે તે સમયે ભગવાન પૂર્ણાંશરૂપે અવતરે છે. ચારે યુગોમાં કળિયુગ જેમ નિકૃષ્ટ તેમ શ્રેષ્ઠ પણ છે. માનવની ઉન્નતિના પ્રધાન શત્રુ પાપપ્રવર્તક કળિના રાજ્યકાળનો એ યુગ છે. તેના જ સમયમાં માનવની અત્યંત અવનતિ કે અધોગતિ થાય છે. પરંતુ સાથે સાથે મુશ્કેલીઓનો સામનો કરતાં શક્તિની વૃદ્ધિ થાય છે, પુરાતનના ધ્વંસથી નૂતનનું સર્જન થાય છે. જગતના ક્રમવિકાસમાં અશુભનો જે અંશ વિનાશ પામતો ચાલે છે, તે જ કળિયુગમાં અત્યંત વિકાસ પામીને નષ્ટ થાય છે; અને આ રીતે નૂતનનાં બીજ રોપાય છે, તેમાંથી અંકુર ફૂટે છે અને તેમાંથી સત્યયુગમાં વૃક્ષ ઊગી નીકળે છે. જેવી રીતે જ્યોતિષવિદ્યામાં એક ગ્રહની દશામાં બીજા બધા ગ્રહોની અંતર્દશાઓ આવે છે, તેવી રીતે કળિની દશામાં સત્ય, ત્રેતા, દ્વાપર અને કળિ પોતપોતાની અંતર્દશા ભોગવે છે. આ રીતે ચક્રના જેવી ગતિ હોવાને કારણે કળિયુગમાં એક વાર ઘોર અવનતિ, વળી ઉન્નતિ, પાછી અવનતિ, વળી ઉન્નતિ, એમ કરીને ભગવાનનો મુખ્ય હેતુ સધાય છે. દ્વાપર અને કળિના સંધિસ્થળે ભગવાન અવતરીને અશુભનો અતિવિકાસ, તેનો નાશ, શુભનું બીજારોપણ અને તેનો સ્ફોટ વગેરે અનુકૂળ અવસ્થા મૂકીને જાય છે અને ત્યાર પછી કળિનો આરંભ થાય છે. શ્રીકૃષ્ણ ગીતામાં સત્યયુગ આણવાને ઉપયોગી ગુહ્ય જ્ઞાન અને તેની કર્મપ્રણાલી મૂકી ગયા છે.

(શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ : પૃ. ૭૯-૮૦)

## શ્રીકૃષ્ણનો રાજકીય હેતુ

શ્રીકૃષ્ણનો હેતુ પણ આવી એકતા સ્થાપવાનો હતો. મગધરાજ જરાસંધે આ જાતનો પ્રયાસ કરેલો; પણ તેની શક્તિ અધર્મ અને અત્યાચાર ઉપર પ્રતિષ્ઠિત હતી. એટલે તેને ક્ષણસ્થાયી માનીને શ્રીકૃષ્ણે ભીમને હાથે તેનો વધ કરાવીને તે પ્રયત્ન નિષ્ફળ બનાવ્યો.

શ્રીકૃષ્ણના કાર્યમાં મુખ્ય અંતરાયરૂપ હતો ગર્વિષ્ઠ તેજસ્વી કુરુવંશ. કુરુજાતિ ઘણા સમયથી ભારતની અગ્રગણ્ય જાતિ હતી. અંગ્રેજીમાં જેને હેજિમની (hegemony) કહે છે, એટલે કે અનેક સમાન સ્વાધીન જાતિઓમાં પ્રધાનત્વ ને નેતૃત્વની દૃષ્ટિએ કુરુજાતિનો વંશપરંપરાગત અધિકાર હતો. જ્યાં લગી આ જાતિમાં બળ અને ગર્વ અતૂટ રહે, ત્યાં લગી ભારતમાં એકતાની સ્થાપના પ્રાયઃ અશક્ય ગણાય, એમ શ્રીકૃષ્ણ જાણતા હતા. એટલે જ તેઓ કુરુજાતિનો નાશ

કરવાને કૃતસંકલ્પ થયા. પરંતુ સાથે સાથે તેઓ એ પણ સમજતા હતા કે ભારતના સામ્રાજ્યમાં કુરુજાતિનો વંશપરંપરાગત હક્ક હતો. જેને ધર્મ પ્રમાણે જે મળવું જોઈએ તેમાંથી તેને વંચિત કરવું તે અધર્મ ગણાય, એ ન્યાયે કુરુજાતિના જે ન્યાયયુક્ત રાજા તેમ જ પ્રધાનપુરુષ ગણાય એવા યુધિષ્ઠિરને સમ્રાટપદે નીમવાનું તેમણે વિચાર્યું.

*

શ્રીકૃષ્ણ પરમ ધાર્મિક હતા. પોતે સમર્થ હોવા છતાં માત્ર સ્નેહને વશ થઈને પોતાના પ્રિય યાદવકુળને કુરુજાતિને ઠેકાણે સ્થાપવાનો તેમણે પ્રયત્ન ન કર્યો. એટલું જ નહિ પરંતુ પાંડવજ્યેષ્ઠ યુધિષ્ઠિરની ઉપેક્ષા કરીને પોતાના પ્રિયતમ સખા અર્જુનને પણ સમ્રાટને પદે નીમવાનો વિચાર સરખો ય કર્યો નહિ. માત્ર ઉંમર કે પૂર્વ અધિકાર જોવા જતાં ઘણી વાર અનિષ્ટનો સંભવ થાય છે; એટલે ગુણ તેમ જ સામર્થ્ય બન્ને જોવાં જોઈએ. જો રાજા યુધિષ્ઠિર અધાર્મિક, અત્યાચારી કે અશક્ત હોત તો શ્રીકૃષ્ણને કોઈ બીજા યોગ્ય પાત્રની શોધ કરવી પડત. યુધિષ્ઠિર જેમ એક દૃષ્ટિથી વંશક્રમ, ન્યાય અને દેશના પ્રચલિત નિયમને હિસાબે સમ્રાટપદને લાયક હતા, તેમ બીજી દૃષ્ટિથી ગુણને હિસાબે પણ એક સાચા અધિકારી હતા. બીજા ઘણાય રાજાઓ યુધિષ્ઠિરના કરતાં તેજસ્વી અને પ્રતિભાશાળી હતા; પરંતુ માત્ર બળ કે પ્રતિભાને આધારે કોઈ રાજ્યનું અધિકારી ઠરી શકતું નથી. રાજાએ ધર્મનું રક્ષણ, પ્રજાનું રંજન અને દેશનું રક્ષણ કરવું જોઈએ. પ્રથમ બે ગુણોની દૃષ્ટિએ યુધિષ્ઠિર અજોડ હતા. પોતે ધર્મપુત્ર હતા. દયાળુ, ન્યાયપરાયણ, સત્યવાદી, સત્યપ્રતિજ્ઞ, સત્યકર્મા હતા, પ્રજાને પ્રિય હતા. માત્ર છેલ્લા આવશ્યક ગુણની, એટલે કે દેશનું રક્ષણ કરવાના સામર્થ્યની, જે તેમનામાં ઊણપ હતી, તે તેમના બે ભાઈઓ, ભીમ અને અર્જુન પૂરે તેમ હતા. તે વખતે પાંચ પાંડવો જેવા પરાક્રમી કે વીર બીજા કોઈ નહોતા. તેથી જરાસંધના વધથી કાંટો કાઢીને શ્રીકૃષ્ણની સાથે પરામર્શ કરીને રાજા યુધિષ્ઠિર દેશની પ્રાચીન પ્રણાલી પ્રમાણે રાજસૂય યજ્ઞ કરીને સમ્રાટ બન્યા.

(શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ : પૃ. ૧૦૩-૧૦૪)

## શ્રીકૃષ્ણ પારંગત રાજનીતિજ્ઞ

ઉપર કહ્યું તેમ શ્રીકૃષ્ણ ધાર્મિક અને રાજનીતિજ્ઞ હોવાથી તેઓ કદાપિ દોષયુક્ત, અહિતકર કે સમયને અનુચિત પ્રણાલી બદલતાં ગભરાતા નહિ. તેઓ તે યુગના મુખ્ય ક્રાંતિકારી હતા. શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરના પતનથી સમજી ગયા હતા – અરે, સાક્ષાત્ ભગવાન હોવાથી જાણતા જ હતા – કે દ્વાપરયુગને ઉપયોગી પ્રથા કળિયુગમાં ચાલી શકે નહિ. એટલે તેમણે તેવા પ્રયત્નો કર્યા નહિ. પરંતુ કળિયુગને ઉચિત ભેદદંડપ્રધાન રાજનીતિનું અનુસરણ કરીને ગર્વિષ્ઠ ક્ષત્રિય જાતિના બળનો નાશ કરીને ભાવિ સામ્રાજ્યને નિષ્કંટક કરવાનો પ્રયાસ કરવા લાગ્યા. કુરુજાતિની સમોવડિયા શત્રુ જાતિ પાંચાલ જાતિને તેમણે કુરુજાતિનો ધ્વંસ કરવાને કામે લગાડી અને જે અન્ય જાતિઓ કંઈક અંશે કુરુઓ પ્રત્યેના વિદ્વેષને લઈને, કંઈક અંશે યુધિષ્ઠિર

પ્રત્યેના પ્રેમને લઈને, કંઈક અંશે ધર્મરાજ્ય કે એકતાની આકાંક્ષાથી આકર્ષાઈ હતી, તે સર્વેને તેમણે યુદ્ધના કાર્યમાં પ્રવૃત્ત કરી દીધી. સંધિ કરવાનો જે પ્રયાસ થયો હતો તેમાં શ્રીકૃષ્ણને આસ્થા નહોતી. તેઓ જાણતા હતા કે સંધિનો સંભવ નથી, અને કદાચ સંધિ સ્થપાય તો તે લાંબો કાળ ટકી શકે તેમ નથી. અને તેમ છતાં ય ધર્મની ખાતર રાજનીતિની ખાતર તેઓ સંધિના પ્રયાસમાં પ્રયત્નશીલ બન્યા.

*

એ તો ચોક્કસ છે કે કુરુક્ષેત્રનું યુદ્ધ શ્રીકૃષ્ણની રાજનીતિનું ફળ હતું. તેનો હેતુ હતો કુરુઓનો અને ક્ષત્રિયોનો ધ્વંસ, નિષ્કંટક સામ્રાજ્ય અને ભારતની એકતા. જે યુદ્ધ ધર્મરાજ્યની સ્થાપના કરવાને થાય તેને ધર્મયુદ્ધ કહેવાય. એ પ્રકારના ધર્મયુદ્ધને માટે ઈશ્વરે નિર્દિષ્ટ કરેલ વિજેતા દિવ્યશક્તિપ્રેરિત મહારથી અર્જુન હતા. જો અર્જુન શસ્ત્રત્યાગ કરે તો શ્રીકૃષ્ણનો રાજનૈતિક પરિશ્રમ એળે જાય, ભારતની એકતા સ્થપાય નહિ અને દેશના ભાવિમાં ઘણાં માઠાં પરિણામ આવે. (શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ : પૃ. ૧૦૫)

## મહાભારતનો યુગ

મહાભારતના સમયમાં આસુરિક બળને લઈને પૃથ્વી અસ્થિર બની ગઈ હતી. ભારતમાં એવો તેજસ્વી પરાક્રમશાળી પ્રચંડ ક્ષાત્રતેજનો વિસ્તાર પૂર્વે થયો ન હતો, પાછળથી પણ થયો નથી. પરંતુ એવા ભીષણ બળના સદુપયોગનો સંભવ ઘણો ઓછો હતો. જેઓ આ બળના આધારભૂત હતા તે સર્વે અસુર પ્રકૃતિના હતા. અહંકાર, દર્પ, સ્વાર્થ, સ્વેચ્છાચાર તેમની રગેરગમાં વ્યાપી ગયાં હતાં. જો શ્રીકૃષ્ણ આ બળનો વિનાશ કરીને ધર્મરાજ્યની સ્થાપનામાં પ્રવૃત્ત થાત નહિ, તો જે ત્રણ પ્રકારનાં પરિણામોનું ઉપર વર્ણન કરવામાં આવ્યું તેમાંનું એકાદ તો થાત જ. કવખતે ભારત મ્લેચ્છોના હાથમાં જાત.

અહીં યાદ રાખવું જરૂરી છે કે કુરુક્ષેત્રનું યુદ્ધ પાંચ હજાર વર્ષો પૂર્વે થયું હતું અને અઢી હજાર વર્ષો પસાર થયા પછી મ્લેચ્છોનું પ્રથમ સફળ આક્રમણ સિંધુ નદીના બીજા કિનારા લગી પહોંચી શક્યું. અર્થાત્, અર્જુને પ્રતિષ્ઠિત કરેલું ધર્મરાજ્ય આટલો વખત બ્રહ્મતેજથી પ્રેરિત ક્ષાત્રતેજને પ્રભાવે દેશનું રક્ષણ કરી શક્યું. તદુપરાંત તે સમયનું સંચિત થયેલું ક્ષાત્રતેજ દેશના પ્રમાણમાં એટલું બધું હતું કે તેમાંનો એક ભાગ પણ હજાર વર્ષો લગી દેશને નભાવી શક્યો. ચન્દ્રગુપ્ત, પુષ્યમિત્ર, સમુદ્રગુપ્ત, વિક્રમ, સંગ્રામસિંહ, પ્રતાપ, રાજસિંહ, પ્રતાપાદિત્ય, શિવાજી વગેરે મહાપુરુષો પોતાના ક્ષાત્રતેજને બળે દેશના દુર્ભાગ્યની સામે ઝૂઝી શક્યા હતા. થોડા સમય પૂર્વે જ ગુજરાતના યુદ્ધમાં અને લક્ષ્મીબાઈની ચિતામાં તે તેજનો છેલ્લો તણખો બુઝાઈ ગયો ! તે સમયે શ્રીકૃષ્ણની રાજનીતિનું સુફળ અને પુણ્ય પરવારી ગયાં ! હવે વળી ભારતને અને જગતને રક્ષવા માટે પાછી પૂર્ણાવતારની જરૂર ઊભી થઈ છે. એ અવતાર વળી પાછું લુપ્ત બ્રહ્મતેજ જગાવી ગયા. અને એ બ્રહ્મતેજ પાછું ક્ષાત્રતેજને ઉત્પન્ન કરશે.

શ્રીકૃષ્ણે ભારતના ક્ષાત્રતેજને કુરુક્ષેત્રના રક્તસમુદ્રમાં ખતમ કરી દીધું ન હતું; પરંતુ આસુરિક બળનો વિનાશ કરીને બ્રહ્મતેજ તેમ જ ક્ષાત્રતેજ એમ બન્નેયનું તેમણે રક્ષણ કર્યું હતું.

(શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ : પૃ. ૧૦૯-૧૧૦)

## કુરુક્ષેત્રમાં ભગવાને ભારતને બચાવ્યું હતું

કળિયુગમાં ભારતની અવનતિ થઈ છે એની કોઈ ના કહી શકે તેમ નથી. પરંતુ અવનતિ આણવાને કદાપિ ભગવાન અવતર્યા નથી. અવતાર હંમેશાં ધર્મના રક્ષણને માટે, વિશ્વના રક્ષણને માટે, લોકોના રક્ષણને માટે હોય છે. વિશેષ કરીને કળિયુગમાં જ ભગવાન પૂર્ણભાવે અવતરે; કારણ કે, કળિમાં માનવોની અવનતિનો ઘણો ભય હોય છે, અધર્મની વૃદ્ધિ આપમેળે થાય છે, એટલે અધર્મનો નાશ અને ધર્મની સ્થાપનાને માટે કળિની ગતિ અટકાવવા આ યુગમાં વારંવાર અવતાર સંભવી શકે છે.

જ્યારે શ્રીકૃષ્ણ અવતર્યા હતા ત્યારે કળિના રાજ્યની શરૂઆત થઈ ચૂકી હતી. તેમના આવિર્ભાવથી ગભરાઈને કળિ પોતાના રાજ્યમાં પગલું મૂકી શક્યો નહિ. તેમની જ કૃપાથી પરીક્ષિત કળિને પાંચ ગામનું દાન કરીને તેમના જ યુગમાં તેમનું જ એકાધિપત્ય ટૂંકાવી શક્યો. કળિયુગની શરૂઆતથી ઠેઠ સુધી કળિની સામે માનવનો જે ભીષણ સંગ્રામ ચાલી રહ્યો છે અને ચાલશે, તે સંગ્રામમાં સહાયક બનીને નાયકરૂપે ભગવાનના અવતાર અને વિભૂતિ વારંવાર પ્રગટશે. તે સંગ્રામને ઉચિત એવાં બ્રહ્મતેજ, જ્ઞાન, ભક્તિ, નિષ્કામ કર્મનું શિક્ષણ વગેરેનું રક્ષણ કરવા માટે ભગવાન કળિયુગની શરૂઆતમાં માનવશરીર ધારણ કરીને અવતર્યા.

ભારતનું સંરક્ષણ માનવકલ્યાણની ભૂમિકા છે. કુરુક્ષેત્રમાં ભગવાને ભારતનું સંરક્ષણ કર્યું હતું. એ રક્તસમુદ્રમાં, નૂતન જગતની લીલાના પદ્મમાં કાળરૂપી વિરાટ પુરુષે વિહાર કરવાનું શરૂ કરી દીધું !

(શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ : પૃ. ૧૧૦-૧૧૧)

## ધર્મ સંસ્થાપના

પૌરાણિક અને લોકસ્વીકૃત દૃષ્ટિએ શ્રીકૃષ્ણના અવતારની સમજૂતી એ છે કે દુર્યોધન અને એના ભાઈઓ – કૌરવોના રૂપમાં અધર્મ મૂર્ત થયો હતો અને કૌરવોનો અધર્મનો ભાર પૃથ્વી ઉપર એટલો બધો વધી ગયો હતો કે પૃથ્વીએ અવતાર લઈને પોતાનો ભાર હલકો કરવાને માટે ભગવાનની પ્રાર્થના કરી. એ પ્રાર્થનાના પ્રત્યુત્તર રૂપે વિષ્ણુ ભગવાને માનવજાતિમાં શ્રીકૃષ્ણ રૂપે અવતાર લીધો. તેમણે અન્યાયનો ભોગ બનેલા પાંડવોને ત્રાસમુક્ત કર્યા અને અન્યાયી કૌરવોનો સંહાર કર્યો. શ્રીકૃષ્ણની પહેલાં વિષ્ણુના જે અવતારો થયા છે તેમની પણ એ જ પ્રકારની સમજૂતી આપવામાં આવે છે. એટલે કે, રામનો અવતાર રાવણના અધર્મી જુલમનો વિનાશ કરવાને, પરશુરામનો અવતાર રાજાઓ અને ક્ષત્રિયોના અધર્મ, સ્વચ્છંદ અને ગર્વને તોડવા માટે, વામનનો અવતાર દૈત્ય કુળના રાજા બલિની સત્તાનો વિનાશ કરવા માટે થયો હતો. પણ એટલું તો દેખાઈ આવે છે કે એવા પૌરાણિક અને લોકપ્રિય રૂપમાં એટલે કે

અવતારના કેવળ વ્યાવહારિક, નૈતિક અથવા તો સામાજિક અને રાજકીય કાર્યના સ્વરૂપમાં, અવતારની ઘટનાનું યથાર્થ વર્ણન કે અવતારતત્ત્વની પૂરેપૂરી, યથાર્થ સમજૂતી આપણને મળી જતી નથી. એટલામાં અવતારનો આધ્યાત્મિક અર્થ સમાઈ જતો નથી, એના સમગ્ર અર્થમાંથી કાંઈક બાકી રહી જાય છે. અને જો એ પ્રકારની બહારની ઉપયોગિતામાં જ અવતારનો સાચો ઉદ્દેશ સમાઈ જતો હોય તો આપણે બુદ્ધ અને ક્રાઈસ્ટને અવતારમાંથી બાતલ કરવા પડશે. કારણ કે એમનું જીવનકાર્ય પાપીઓનો સંહાર અને સાધુઓનું રક્ષણ કરવાનું મુદ્દલે હતું નહિ. એમનું કાર્ય તો માનવજાતિને માટે એક નવો જ આધ્યાત્મિક સંદેશ આપવાનું અને આધ્યાત્મિક સાક્ષાત્કાર અને દિવ્યતામાં વિકાસ પામવા માટે એક નવો જ માર્ગ બતાવવાનું હતું, એક નવા જ પ્રયત્નને સ્થાપન કરવાનું એમનું કાર્ય હતું. પણ 'ધર્મ' શબ્દનો આપણે એના કેવળ ધાર્મિક અર્થમાં પ્રયોગ કરીશું, એટલે કે ધાર્મિક અને આધ્યાત્મિક જીવનનો નિયમ એટલે ધર્મ એવો મર્યાદિત અર્થ સ્વીકારીશું તો આપણે અવતારના મૌલિક તત્ત્વને પહોંચી શકીશું ખરા, પરંતુ અવતાર જે કાર્ય કરી જાય છે તેના સૌથી અગત્યના ભાગને આપણે બાતલ કરીશું. અવતારના જીવનમાં આપણને બેવડું કાર્ય દેખાય છે, અને એમ થવું અનિવાર્ય પણ છે. કારણ કે, માનવજીવનની અંદર પ્રભુનું કાર્ય કરવાનું અવતાર પોતાના હાથમાં લે છે, જગતમાં પ્રભુની દિવ્ય શક્તિના અને પ્રભુના દિવ્ય જ્ઞાનના માર્ગો તે સ્થાપન કરે છે અને એ દિવ્ય તત્ત્વો બાહ્ય તેમ જ આંતર એમ બન્ને સ્વરૂપમાં પોતાની સાર્થકતા સાધે છે : અંતરમાં આમ પ્રગતિ સાધીને અને જીવનમાં બાહ્ય પરિવર્તન લાવીને. (ગીતા નિબંધો : પૃ. ૨૦૩-૨૦૪)

## ગીતાનું રહસ્ય જાણવાની ચાવી અને ગીતાના સત્યનો સાક્ષાત્કાર

શ્રી માતાજીએ એક વખત આ મુજબ જણાવ્યું હતું : 'હું એક માણસને મળી હતી. કદાચ તે સમયે હું ૨૧ વર્ષની હોઈશ. મને લાગે છે વીસ અગર એકવીસ. હું એક ભારતીયને મળી હતી, જે અહીંથી આવ્યો હતો અને તેણે મને ગીતા વિશે કહ્યું હતું. એ એક ભાષાંતર હતું, જે કનિષ્ઠ પ્રકારનું હતું. તેણે મને એ વાંચવાની સલાહ આપી હતી. અને એણે મને એ માટે એની ચાવી પણ આપી હતી. તેણે મને કહ્યું હતું 'ગીતા વાંચો. ગીતાનું આ ફ્રેંચ ભાષાંતર બરાબર નથી. પણ તે એક જ ભાષાંતર પ્રાપ્ય છે.' તે વખતે હું કોઈ પણ બીજી ભાષામાં કંઈ પણ સમજી શકી ન હોત. ઉપરાંત અંગ્રેજી ભાષાંતરો તો એટલાં બધાં ખરાબ હતાં... અને શ્રી અરવિન્દે હજુ સુધી પોતાનું પુસ્તક લખ્યું ન હતું....

તે માણસે મને જણાવ્યું હતું 'ગીતા વાંચો અને કૃષ્ણને સર્વવ્યાપી પરમાત્માના પ્રતીક તરીકે માનો. આંતરિક પ્રભુ.' તેણે મને આટલું જ જણાવ્યું હતું : 'આ રીતે વાંચો - એવી સમજ સહિત કે કૃષ્ણ ગીતામાં સર્વવ્યાપી દેવના પ્રતિનિધિ છે અને તે પ્રભુ તમારી અંદર છે. 'ઠીક ! મેં એની સલાહનું અનુસરણ કર્યું અને એક જ મહિનામાં મારું કાર્ય સંપન્ન થઈ ગયું !

(CWM. Vol. 6, P-298-99)

# શ્રીકૃષ્ણ - દિવ્ય યોગના ગુરુ

## શ્રીકૃષ્ણએ અધિમનસની શક્યતા ખોલી આપી

કૃષ્ણ પોતાના સાક્ષાત્કારના બે પાસાંઓ – સ્થિર અને ગતિશીલ વડે અધિમનસની શક્યતાને ખોલી આપે છે.... બુદ્ધે મનમાંથી સીધા નિર્વાણ પરત્વે જઈ પરમમાં પહોંચવાનો પ્રયત્ન કર્યો અને એમના પછી શંકરે એ જ કાર્ય અન્ય રીતે કર્યું. બંને અન્ય અવસ્થાઓને અતિક્રમી જઈ નામ અને રૂપથી પર કેવલને પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવા બાબતે સહમત હતા. જ્યારે કૃષ્ણ ઉત્ક્રાંતિની સામાન્ય પ્રક્રિયા દ્વારા દોરી રહ્યા હતા. હવે પછીનું સહજ સોપાન છે અતિમાનસ, નિરાકાર કેવલ નહિ. મને લાગે છે બુદ્ધ અને શંકરે સીધો કૂદકો લગાવવાનો પ્રયત્ન કરી ભૂલ કરી હતી. મુક્તિની સક્રિય બાજુને એમણે કાપી નાખી હતી. અને માટે જ કલ્કિ દ્વારા એ ભૂલ સુધારવી જ પડશે. (CWSA 28 : 488)

*

કૃષ્ણ એ અતિમાનસ પ્રકાશ નથી. કૃષ્ણ ચેતનાનું અવતરણ એ અધિમનસ દેવતાનું અવતરણ છે. એ જાતે જ અતિમાનસ ચેતના કે આનંદનું અવતરણ ન હોવા છતાં અહીં તે અતિમનસ ચેતના તેમ જ આનંદના અવતરણની તૈયારી રૂપ છે. કૃષ્ણ આનંદમય છે; એ ઉત્ક્રાંતિને અધિમનસ ચેતના દ્વારા આધાર આપે છે અને એને આનંદમય ભૂમિકા પ્રત્યે દોરી જાય છે. કૃષ્ણએ મન અને પ્રાણમાં કાર્ય કરતી અધિમનસ ચેતના માટે કાર્ય કર્યું હતું.

*

કૃષ્ણે અધિમનસ ચેતનાની શક્યતા ખોલી આપીને નિશ્ચિતપણે અતિમાનસને પૃથ્વી ઉપર ઉતારી લાવવાનો પ્રયત્ન કરવાનું શક્ય બનાવ્યું છે.

*


મનથી પર થઈને જ રૂઢિથી સાચી રીતે પર થઈ શકાય છે. કૃષ્ણ એ કરી શક્યા કારણ તે મનોમય કક્ષાના માનવ નહિ; પરંતુ અધિમનસ સ્તરના ઈશ્વર હતા. અને તેઓ માનવીની ચેતના કરતાં વિશાળ એવી ચેતનામાંથી મુક્તપણે કાર્ય કરતા હતા.

*

હું ધારું છું કે ઘણા ઓછા લોકોએ તેમને (કૃષ્ણને) અવતાર તરીકે ઓળખ્યા હતા. એટલું તો નિશ્ચિત છે છે કે અવતાર તરીકેની સર્વસામાન્ય સ્વીકૃતિ એમને મળી ન હતી....

જે લોકો કૃષ્ણની સાથે હતા તે સર્વ બાહ્ય દેખાવમાં અન્ય લોકો જેવા જ હતા. એ લોકો એકબીજા સાથે માનવો માનવો સાથે જે રીતે વર્તે છે તે જ રીતે બોલતા હતા કે કાર્ય કરતા હતા... મોટા ભાગના લોકો કૃષ્ણને પણ મનુષ્ય તરીકે જ ઓળખતા હતા – માત્ર થોડા લોકો જ કૃષ્ણની પરમાત્મા તરીકે આરાધના કરતા હતા. (CWSA 28 : 498-99)

*



શ્રીકૃષ્ણ આ પૃથ્વી ઉપર મુક્તિ અને આનંદ લાવવાને માટે આવ્યા હતા. એ લોકોને, જે લોકો પ્રકૃતિના તથા પોતાની કામનાઓ અને દોષોના દાસ છે તેમને એ કહેવા માટે આવ્યા હતા કે જો તેઓ પરમ પ્રભુમાં શરણ લે તો પોતાની સર્વ પ્રકારની ગુલામી અને સર્વ પાપોથી મુક્ત થઈ જશે. પરંતુ એ લોકો પોતાના પાપો અને પુણ્યોને એટલા બધા વળગી રહેલા છે (કારણ કે પાપ વિના પુણ્યનું અસ્તિત્વ રહેતું નથી) કે એ લોકો પોતાના પાપોની સાથે પણ પ્રેમમાં પડી ગયા છે અને કોઈ વ્યક્તિ સર્વ દોષોમાંથી મુક્ત થઈને પર થઈ જાય એ તેમનાથી સહન થઈ શકતું નથી.

એટલા માટે, શ્રીકૃષ્ણ અમર હોવા છતાં, અત્યારના સમયમાં, વૃંદાવનમાં, સદેહે હાજર નથી.

(CWM 10 : 59-60)

## અવતારના આગમનનું આધ્યાત્મિક ફળ

અવતારના આગમનનું આધ્યાત્મિક ફળ તો જે લોકો અવતારના જીવનમાંથી ''દિવ્ય જન્મ અને દિવ્ય કર્મનું'' રહસ્ય પ્રાપ્ત કરે છે તેમને મળે છે. એટલે કે જે લોકો – 'मन्मया मामुपाश्रिता' – પોતાની ''ચેતનાને મારી સાથે તન્મય કરી શકે છે'', અને પોતાની ''સમગ્ર ચેતના વડે જેઓ મારો જ આશ્રય લે છે'' તેમને એ ફળ મળે છે. એવા લોકો પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાન વડે વિશુદ્ધ થઈને, નિમ્ન પ્રકૃતિમાંથી મુક્ત થઈ જાય છે; – તેઓ દિવ્ય ચેતનાને અને દિવ્ય પ્રકૃતિને પ્રાપ્ત કરે છે, – મદ્‌ભાવને પ્રાપ્ત કરે છે. માનવની નિમ્ન પ્રકૃતિથી પર ઊર્ધ્વમાં દિવ્ય પ્રકૃતિ રહેલી છે એ સત્ય માનવને બતાવવા માટે અવતાર આવે છે, તથા દિવ્ય કર્મ તે કેવાં હોય, મુક્ત, અહંરહિત નિષ્કામ, તટસ્થ વિરાટના જેવાં વૈશ્વિક, દિવ્ય પ્રકાશમય, દિવ્ય શક્તિથી પ્રેરિત, દિવ્ય પ્રેમમાંથી પ્રગટતાં કર્મો કેવાં હોય, તે દર્શાવવા માટે અવતાર આવે છે. દિવ્ય વ્યક્તિ રૂપે આવીને અવતાર પોતાના વડે માનવ-ચેતનાને પરિપૂર્ણ કરે છે, તથા એની અહંપ્રધાન વ્યક્તિતાને દૂર કરીને તેને ઠેકાણે દિવ્ય વ્યક્તિતાને મૂકે છે, જેથી કરીને અહંમાંથી મુક્ત થઈને તે અનંત બની શકે, વિશ્વમય બને, જન્મમાંથી અમરતામાં જઈ રહે. અવતાર દિવ્ય શક્તિ રૂપે તથા દિવ્ય પ્રેમ રૂપે આવે છે, તથા માનવને પોતાના તરફ ખેંચે છે, જેથી કરીને માણસો પોતાની સંકલ્પશક્તિમાં અને ભય, ક્રોધ, રાગ વગેરે જેમાં પરસ્પર આથડતાં હોય છે તેવાં કરણોમાં નહિ, પરંતુ પ્રભુમાં પોતાનો આશ્રય લઈ શકે, તથા એ બધી અશાંતિ અને દુઃખમાંથી મુક્ત થઈને પ્રભુની દિવ્ય પ્રકૃતિની સ્થિરતામાં અને શાંતિમાં તથા આનંદમાં વસી શકે. વળી કયું નામ ધારણ કરીને, કયા રૂપમાં અવતાર આવે છે, યા તો પોતાની અનંતતાની કઈ બાજુ, કયું સ્વરૂપ આગળ મૂકીને અવતાર આવે છે એ વસ્તુ પણ ખાસ અગત્યની નથી. કારણ કે સર્વપ્રકારે પોતાની પ્રકૃતિ પ્રમાણે, ભિન્નભિન્ન માનવો પ્રભુએ એમને માટે નિર્માણ કરેલા પંથનું જ અનુસરણ કરતા હોય છે. આખરે તો પ્રભુ તેમને પોતાના પ્રત્યે લઈ જશે. અને અવતારનું જે સ્વરૂપ માનવની પ્રકૃતિને અનુકૂળ હશે તેને તે સારામાં સારી રીતે અનુસરી શકશે. જ્યારે તે માનવોને દોરવા માટે આવે છે ત્યારે જે કોઈ માર્ગે માનવો પ્રભુને સ્વીકારે છે, ભજે છે, પૂજે છે તેનામાં આનંદ લે છે તે તે પ્રકારે પ્રભુ પણ તેમને પોતાના પ્રેમથી સ્વીકારે છે, તેમને ભજે છે, તેમનામાં આનંદ લે છે. ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् । (ગીતા નિબંધો : પૃ. ૨૧૦-૨૧૧)

## કૃષ્ણ માટે પ્રેમ અને ભક્તિ – કૃષ્ણ વહાલા લાગે છે

અલબત્ત, ભક્તો શ્રી કૃષ્ણને પ્રેમ કરે છે, કારણ કે શ્રીકૃષ્ણ તેમને વહાલા લાગે છે, બીજા કોઈ કારણસર નહિ. આ છે ભક્તની લાગણી અને એ જ છે સાચી લાગણી. પોતાની અંદર રહેલી કઈ વસ્તુએ પોતાને કૃષ્ણ સાથે પ્રેમ કરવાની પ્રેરણા આપી એ વિશે વિચારવાનો ભક્ત પાસે સમય હોતો નથી; એ પોતે કૃષ્ણને પ્રેમ કરે છે એટલું જ એના માટે પૂરતું છે. અને ભક્તને પોતાને લાગણીઓનું વિશ્લેષણ કરવાની જરૂરિયાત ક્યારેય અનુભવાતી નથી. શ્રીકૃષ્ણ એને

વહાલા લાગે છે, અને તેઓ ભક્ત સમક્ષ પોતાને પ્રકટ કરે છે, શ્રી કૃષ્ણનો ભક્તને પુકાર, વાંસળીનો પુકાર, આ બધામાં જ ભક્તને પોતાની પ્રત્યેની કૃષ્ણકૃપાનો અનુભવ થાય છે. ભક્ત હૃદયને માટે આટલું પૂરતું છે અને એથી વધુની કંઈ અપેક્ષા હોય તો તે એક ઝંખના માત્ર; જે એવું ઝંખે છે કે બીજા બધા, સર્વ કોઈ, આ વાંસળીનો પુકાર સાંભળે, કૃષ્ણના મુખારવિંદના દર્શન પામે, એના પ્રેમના સૌંદર્ય તેમ જ માધુર્યને સૌ કોઈ માણે.

*

કૃષ્ણ માટે સીધો અને સરળ માર્ગ કેમ ન અપનાવવો ? સરળ માર્ગ એટલે કે વિશ્વાસ. તમે જો પ્રાર્થના કરો, તો વિશ્વાસ રાખો કે એ સાંભળે છે. જો એનો પ્રત્યુત્તર આવતા વાર લાગે તો એ વિશ્વાસ જાળવી રાખો કે એને ખબર છે, એ તમને ચાહે છે, અને સમયની પસંદગી કરવામાં એ સૌથી વધુ હોંશિયાર છે. તે દરમિયાન એના આગમનનો માર્ગ સાફ કરતા રહો જેથી એ જ્યારે આવે ત્યારે એને પથરા અને કાંટાઓ પર થઈને ન આવવું પડે. મારું સૂચન આ જ છે, અને હું શું કહી રહ્યો છું એનો મને પૂરો ખ્યાલ છે – તમે ગમે તે કહો, પરંતુ માનવમાત્રની બધી મુશ્કેલીઓ, બધા સંઘર્ષો, હું બહું સારી રીતે જાણું છું અને એનો ઉપાય પણ મને ખબર છે. અને તેથી જ હંમેશાં હું એવી વસ્તુ દર્શાવું છું જેને લીધે મુશ્કેલીઓ તથા સંઘર્ષોને ઓછામાં ઓછું સ્થાન રહે. એ વસ્તુઓ છે, – ચૈત્ય અભીપ્સા, સરળ અને સંપૂર્ણ એવી શ્રદ્ધા, વિશ્વાસ અને શરણાગતિ. (CWSA 28 : 487-88)

## બાહ્ય સંજોગો કરતાં આંતરિક તૈયારી વધુ મહત્ત્વની

ભક્તનું હૃદય પ્રશ્નો પૂછતું નથી, પરંતુ નિરીક્ષકનું મન પૂછે છે કે ગોપીઓને કેમ સાદ કરવામાં આવ્યો હતો અને તેઓએ કેમ પ્રત્યુત્તર આપ્યો – અને બીજાઓ દા.ત. બ્રાહ્મણ સ્ત્રીઓને શા માટે સાદ ન મળ્યો અને તેમણે કેમ તાત્કાલિક પ્રત્યુત્તર ન આપ્યો ? એક વખત મન પ્રશ્ન પૂછે પછી તેના બે શક્ય ઉત્તરો છે : કોઈ પણ જાતના કારણ વગર ફક્ત કૃષ્ણની ઇચ્છા સર્વોપરિ છે, મન તેને કૃષ્ણની નિરપેક્ષ દિવ્ય પસંદગી કહી શકે, અથવા તેની ઢંગધડા વગરની દિવ્ય ધૂન પણ કહી શકે અથવા તો જે હૃદયને સાદ થયો હોય તેની તૈયારી પણ કારણભૂત હોય, અને તે બધાનો અર્થ થાય છે 'અધિકારી ભેદ'. એક ત્રીજો ઉત્તર પણ હોઈ શકે – સંજોગો : દા.ત. ક્ષ જે પ્રમાણે મૂકે છે તે પ્રમાણે ''ગાઢ નિકુંજોમાં અલગ રાખેલી આધ્યાત્મિક ભૂમિકાઓનું મિલન-સ્થાન''. તો પછી સંજોગો કઈ રીતે દિવ્ય કૃપાને કાર્ય કરતી અટકાવી શકે ? તેને અલગ સ્થાનો આપવામાં આવ્યા હોવા છતાં ક્રિશ્ચિયનો, મુસલમાનો પણ કૃષ્ણની કૃપાને પ્રત્યુત્તર આપે છે. વાઘ જેવા જંગલી પ્રાણીઓ અથવા ભૂતડાંઓ પણ તેને જુએ અને તેની બંસરીનો નાદ સાંભળે તો તેને ચાહવા માંડે છે ? હા, બરાબર, પણ કેમ કેટલાક તે સાંભળે છે અને તેને જુએ છે, જ્યારે બીજાઓ કેમ નહિ ? તો આપણી પાસે બે વિકલ્પો રહે છે. કૃષ્ણકૃપા તેને જ બોલાવે છે જેને બોલાવવાની તેની પોતાની (કૃષ્ણની) ઇચ્છા હોય અને તેની પસંદગી, કે ઇનકાર માટે કોઈ નિશ્ચિત બુદ્ધિ કે તર્ક હોતાં નથી; તે બધું તેની દયાના ઉપર

આધાર રાખે છે, પસંદગી અથવા અટકાયત કરે અથવા ઢીલ કરે છે તેમાં પણ તેની દયા હોય છે, અથવા તે એવા હૃદયોને સાદ આપે છે જેઓના તાર તે સાદની સાથે રણઝણે છે અને તેના સાદના સમયે ઠેક ભરી શકે છે. અને ત્યાં પણ યોગ્ય ક્ષણ આવે ત્યાં સુધી તે રાહ જુએ છે. એમ કહેવું કે તેનો આધાર બાહ્ય લાયકાત અથવા યોગ્યતાના દેખાવ ઉપર નથી એ અલબત્ત સાચું છે. ઘણા બધા પડળથી વીંટાયેલી હોવા છતાં કોઈક વસ્તુ જાગ્રત થવા માટે તૈયાર હતી એ વસ્તુ કૃષ્ણ જોઈ શકે, જ્યારે આપણે નહિ. બંસરી વાગવાની શરૂઆત થઈ તે પહેલાં તે વસ્તુ ત્યાં હતી, પરંતુ કૃષ્ણ તે સખત પડોને ઓગાળવામાં વ્યસ્ત હતા. જેથી કરીને તે હૃદય જ્યારે ઠેક ભરે ત્યારે વળી પાછું પડી દબાઈ ન જાય. ગોપીઓએ તે સાદ સાંભળ્યો અને વનમાં દોડી ગઈ, જ્યારે બીજાઓ ગયાં નહિ – કે પછી તેમણે એવું માન્યું કે તે તો એક ગ્રામ્ય સંગીત છે અને કોઈ ગામઠી પ્રેમી ગોવાળિયો પોતાના પ્રેમપાત્ર માટે બંસી બજાવે છે કે પછી તે એવો સાદ હતો જેને જ્ઞાની અને સંસ્કારી અથવા સદ્‌ગુણી શ્રવણેન્દ્રિયોએ પરમાત્માના સાદ તરીકે ન ઓળખ્યો ?

## અધિકારી ભેદ

એટલે 'અધિકારી-ભેદ' વિશે ચોક્કસ કોઈક વસ્તુ કહેવાની હોય છે. પરંતુ તે વસ્તુ બેશક વિશાળ અર્થમાં સમજવાની છે; કેટલાકમાં કૃષ્ણની બંસીને પારખવાનો 'અધિકાર' હોઈ શકે, કેટલાકને ક્રાઈસ્ટનો સાદ સાંભળવાનો અધિકાર હોઈ શકે અને કેટલાકને માટે શિવના નૃત્યને માટે તે પ્રમાણે હોય – દરેકને પોતપોતાની રીતે હોય છે, અને તેની પ્રકૃતિમાં પ્રભુના સાદને પ્રત્યુત્તર વાળવાની શક્તિ હોય છે, 'અધિકાર' ને આપણે રૂઢ મનોમય શબ્દોમાં વ્યાખ્યા ન આપી શકીએ, તે કોઈક આધ્યાત્મિક અથવા સૂક્ષ્મ વસ્તુ છે, તે સાદ આપનાર અને સાદ સાંભળનાર વચ્ચેનું ગૂઢ અને ગુપ્ત રહસ્ય છે. (યોગ વિશે પત્રો - ૨ : પૃ. ૩૦૮-૩૧૦)

*

કૃષ્ણમાં જીવન ધારણ કરવાથી શત્રુતા પણ પ્રેમની લીલા બની જાય છે, ભાઈ ભાઈ વચ્ચેની કુસ્તી બની જાય છે. (વિચારરત્નો અને સૂત્રો)



**રાધા તો ભગવાનને માટેના નિરપેક્ષ પ્રેમનું મૂર્ત સ્વરૂપ છે. રાધાનો પ્રેમ એટલે ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાથી તે છેક નીચેમાં નીચેની સ્થૂલ ભૂમિકા સુધી પ્રકૃતિમાં સઘળે વ્યાપી ગયેલો, એવો સમગ્ર પ્રેમભાવ. એ ભાવને પરિણામે નિરપેક્ષ આત્મોત્સર્ગ – સંપૂર્ણ આત્મસમર્પણ પ્રકૃતિના એકેએક ભાગમાં સ્થાપન થાય છે અને શરીરના રોમેરોમમાં તે દિવ્ય આનંદનું અવતરણ કરવાની અભીપ્સા કરે છે તથા અત્યંત જડ પદાર્થતત્ત્વમાં તેને લઈ આવે છે.** (CWSA 29 : 494)

# શ્રીકૃષ્ણના પ્રકાશો

એકાગ્રતા દરમ્યાન આપણને જે પ્રકાશ દેખાય છે તે જુદી જુદી શક્તિઓના પ્રકાશ હોય છે અને મોટે ભાગે એ જ્યોતિઓ ઉચ્ચ ચેતનામાંથી ઊતરી આવતી હોય છે.

*

શ્રીકૃષ્ણના પ્રકાશની જુદા જુદા રંગની જ્યોતિઓ છે – ઝાંખો, હીરા જેવો ભૂરો પ્રકાશ, 'લવંડર' ભૂરો, ઘેરો ભૂરો વિ. કઈ કક્ષાએ એ જ્યોતિ પ્રકટ થાય છે એના પર એ આધાર રાખે છે.

ઉચ્ચ મનને દર્શાવતો એક પ્રકારનો ભૂરો પ્રકાશ છે, એનાથી ઘેરો ભૂરો રંગ મન દર્શાવે છે મનમાં કૃષ્ણના પ્રકાશનું એ પ્રતીક છે...

સંપૂર્ણ ભૂરો રંગ એ કૃષ્ણનો પ્રકાશ નથી... 'ડાયમંડ બ્લ્યુ' કૃષ્ણનો પ્રકાશ આંતરદર્શનાવાળા મનમાં, ભૂરો રંગ એ રાધાનો પણ રંગ છે.

*

ભૂરો-જાંબુડિયો રંગ એ ઈશ્વરની કરુણાનો પ્રકાશ દર્શાવે છે અને એ કૃષ્ણની કૃપા પણ દર્શાવે છે. કૃષ્ણના રક્ષણનું તેજ પણ આ ભૂરો-જાંબુડિયો રંગ દર્શાવે છે. ભૂરો રંગ એ કૃષ્ણનો વિશિષ્ટ અને સાંકેતિક રંગ છે, તેઓ જ્યારે પ્રકટ થાય છે ત્યારે તેમની આભાનો રંગ ભૂરો હોય છે - અને માટે જ તેઓને નીલ કૃષ્ણ કહેવામાં આવે છે. આ નીલ વિશેષણ એમ દર્શાવતું નથી કે એમના શરીરનો રંગ ભૂરો કે કાળો જ હતો.

*

આપણે અહીં કૃષ્ણના પ્રકાશની વાત કરીએ છીએ. મનમાં, પ્રાણમાં કૃષ્ણના પ્રકાશનો ઉલ્લેખ કરીએ છીએ પરંતુ એ એક વિશિષ્ટ પ્રકારનો પ્રકાશ છે – મનમાં એ પ્રકાશ સ્પષ્ટતા લાવે છે, માનસિક ભૂલો, ગોટાળાઓ અને ગૂંચવાડામાંથી તે મુક્તિ અપાવે છે, પ્રાણમાંથી એ સર્વે ભયકારક વસ્તુઓને દૂર કરે છે અને એ પ્રકાશ જ્યાં હોય છે ત્યાં એક પ્રકારનો શુદ્ધ અને દિવ્ય આનંદ તથા ખુશી વર્તાય છે.

*

સુવર્ણમય અને ભૂરો, બંને શ્રીકૃષ્ણના પ્રકાશ છે.

**શ્રી અરવિન્દ**

(CWSA 30 : 128)

# શ્રી અરવિન્દ અને શ્રીકૃષ્ણ

**વાસુદેવમ સર્વમ ઈતિ**

મને લાગ્યું કે પ્રભુ પાછા મને કહી રહ્યા છે : 'જે બંધનો તોડવાનું તારામાં બળ ન હતું તે તારે ખાતર અને તારે બદલે મેં તોડી આપ્યાં છે. મારી એવી ઇચ્છા નથી અને મારો એવો આશય પણ ન હતો કે એ બંધનમાં તું પડ્યો રહે. મારે તારી પાસે એક બીજું કાર્ય કરાવવાનું છે. તને હું અહીં લાવ્યો છું તે એ કાર્ય માટે, તું જે જાતે શીખી શકે તેમ નથી તે તને હું અહીં શીખવવા લાવ્યો છું. તને મારા કાર્ય માટે તૈયાર કરવાનો છું.' એમ કહી તેણે મારા હાથમાં ગીતા મૂકી. તેની શક્તિએ મારામાં પ્રવેશ કર્યો અને હું ગીતાની સાધના કરવા શક્તિમાન થયો. શ્રીકૃષ્ણે અર્જુન પાસેથી શું માગ્યું હતું, જેઓ એનું કાર્ય કરવાની અભીપ્સા રાખે છે તેમની પાસેથી પ્રભુ શું માગે છે તે મારે બુદ્ધિ વડે સમજવાનું હતું એટલું જ નહિ, પરંતુ તેનો સાક્ષાત્કાર પણ કરવાનો હતો. પ્રભુ જે માગે છે તે આ છે. મનુષ્યે ઇચ્છા અને દ્વેષથી મુક્ત થવું, ફળની આકાંક્ષા વિના કેવળ પ્રભુને ખાતર કર્મ કરવાં. અહંભાવી સંકલ્પોનો ત્યાગ કરવો અને પ્રભુના હાથમાં એક શાંત અને શ્રદ્ધાપૂર્ણ કરણ રૂપ થઈ રહેવું. ઉચ્ચ અને નીચ પ્રત્યે, મિત્ર અને શત્રુ પ્રત્યે, વિજય અને પરાજય પ્રત્યે સમાન ભાવ રાખવો અને છતાં પ્રભુના કાર્યમાં પ્રમાદ ન થવા દેવો. આ રીતે હિંદુ ધર્મનું તત્ત્વ મને પ્રત્યક્ષ થવા લાગ્યું. આપણે ઘણીવાર હિંદુ ધર્મ વિશે, સનાતન ધર્મ વિશે, વાતો કરીએ છીએ પરંતુ એ ધર્મ શો છે તેનું ખરું જ્ઞાન તો આપણામાંથી કોઈને જ સાચેસાચ નથી. બીજા ધર્મો ઘણું ખરું શ્રદ્ધાપ્રધાન અને આચારપ્રધાન છે. પરંતુ આ સનાતન ધર્મ તો જીવન પોતે જ છે; કેવળ શ્રદ્ધાનો વિષય નથી પરંતુ સમગ્ર જીવનમાં સાકાર કરવાની એક વસ્તુ છે.

બહારની દુનિયાથી મને વિખૂટો પાડનાર જેલ તરફ મેં નજરી કરી. મેં જાયું કે મારી ચોતરફ ઊભેલી જેલની ઊંચી ઊંચી દીવાલો એ કંઈ દીવાલો ન હતી. એ તો વાસુદેવ પોતે મને ઘેરીને ઊભા છે. મારી ખોલીના આંગણામાં આવેલા વૃક્ષની નીચે હું ચાલતો હતો પણ એ કંઈ વૃક્ષ ન હતું. મેં જોયું કે એ વૃક્ષ વાસુદેવ જ છે, શ્રીકૃષ્ણ છે. એ ત્યાં ઊભા છે અને મારા ઉપર પોતાની છાયા ઢાળી રહ્યા છે. મેં મારી કોટડીના સળિયા તરફ, બારણાની જાળી તરફ નજર નાખી, અને ત્યાં પણ મેં વાસુદેવને જોયા. નારાયણ પોતે જ મારી રક્ષા કરતા, મારા ઉપર પહેરો ભરતા ત્યાં ઊભા હતા. મને સૂવા માટે મળેલા ખરબચડા ધાબડા ઉપર હું સૂતો ત્યારે પણ હું અનુભવવા લાગ્યો કે શ્રીકૃષ્ણના બાહુઓ મારા સુહૃદ અને પ્રિયતમના બાહુઓ મને વીંટળાઈ રહ્યા છે. પ્રભુએ મને જે ગહન દૃષ્ટિ આપી તેનો પહેલો ઉપયોગ એ હતો. હું જેલના કેદીઓ, ચોરો, ખૂનીઓ, ઉઠાવગીરોને જોવા લાગ્યો. અને મને ત્યાં વાસુદેવ દેખાવા લાગ્યા. એ અજ્ઞાની જીવોમાં, વણસાડેલા શરીરોમાં મેં નારાયણને દીઠા. (ઉત્તરપાડા વ્યાખ્યાન)

## કૃષ્ણ પ્રત્યેનું વલણ બાધા રૂપ નથી

કૃષ્ણ પ્રત્યેનું તમારું વલણ બાધા રૂપ નથી એ મેં ક્યારનું સ્પષ્ટ કરેલું છે એમ હું ધારું છું... શ્રીકૃષ્ણે મારી પોતાની સાધનામાં જે મોટો અને ખરેખર આગળ પડતો ભાગ ભજવ્યો છે તે જોતાં તમારી સાધનામાં એમણે ભજવેલો ભાગ જો વાંધાજનક ગણાય તો તો એ વિચિત્ર જ કહેવાય... તમે જો શ્રીકૃષ્ણ સુધી સાક્ષાત્કારમાં પહોંચો તો તમે પ્રભુને પહોંચ્યા સમજવું; તમે શ્રી કૃષ્ણને તમારું સમર્પણ કરશો તો તે તમે મને સમર્પણ કર્યા બરાબર છે. ઐક્ય કેળવવાની તમારી જે અશક્તિ છે તે કદાચ તમે જાણે – અજાણે આ ઐક્યના શારીરિક પાસાં પર વધુ પડતું જોર આપો છો તેને લીધે હોઈ શકે. (CWSA 35 : 431)

## શ્રીકૃષ્ણ સાથે એકરૂપ

કૃષ્ણની સરખામણીમાં મારી પોતાની આધ્યાત્મિક મહાનતા વિશે હું દલીલો કરું એવી આશા તમે રાખી શકો નહિ. એવો પ્રશ્ન જ ત્યારે ઊભો થાય જ્યારે બે સાંપ્રદાયિક ધર્મો – એક વૈષ્ણવ ધર્મ અને બીજો Aurobindoism – બંને પોતપોતાના ભગવાનની મહત્તાનો દાવો કરતા હોય ! અને એવું તો છે જ નહિ. અને કરવા માગું તો પણ કયા કૃષ્ણને મારે પડકાર કરવો. ગીતાના કૃષ્ણ જે પરાત્પર, પરબ્રહ્મ પુરુષોત્તમ છે, જે વિશ્વરૂપ હોઈ વિશ્વસકલના સ્વામી છે, જે સર્વમાં વિરાજમાન વાસુદેવ છે, સર્વ ભૂતોના હૃદયમાં વ્યાપી રહેલા છે તેમને, કે પછી, વૃન્દાવન, દ્વારકા અને કુરુક્ષેત્રમાં જે અવતાર રૂપે પ્રગટ થયા હતા, મારી યોગસાધનાના જે ગુરુ હતા અને જેની સાથે મેં એકતા સિદ્ધ કરી છે તે શ્રી કૃષ્ણને ? આ સર્વ, મારે માટે કંઈ તત્ત્વજ્ઞાનની કે મનને લગતી બાબતો નથી પરંતુ રોજેરોજની, કલાકે કલાકે થતી રહેલી અનુભૂતિ છે, અને મારી ચેતના સાથે એ વણાઈ ગયેલી વસ્તુ છે. આવી પરિસ્થિતિમાં મારે કયા સ્થાનેથી આ ઝગડાનો ચુકાદો આપવો ? (CWSA 35 : 431-32)

## શ્રીઅરવિન્દના દેહમાં શ્રીકૃષ્ણ

હું એ દિવસોની યાદ કરું છું જ્યારે શ્રી અરવિન્દ અહીં હતા અને હું નીચે હોલમાં ભેગા થયેલા લોકોને ધ્યાન કરાવવા નીચે જતી હતી. ત્યાં હોલમાં થાંભલાઓ પર અભરાઈ છે જ્યાં સર્વ દેવતાઓ આવીને બેસતા હતા – શિવજી, કૃષ્ણ, લક્ષ્મી, ત્રિમૂર્તિ—સર્વ દેવતાઓ, નાના, મોટા સર્વ કોઈ નિયમિત રીતે આવતા હતા. રોજ તેઓ સર્વ ધ્યાન કરવા આવતા હતા. એ સુંદર દૃશ્ય હતું. પરંતુ એ દેવતાઓને પરમાત્મા માટે આરાધનાનો ભાવ, પૂજ્યભાવ ન હતો. આ ખ્યાલ (પરમાત્માની આરાધનાનો) ની એમને જરૂર જ ન હતી. પ્રત્યેક દેવ પોતાની રીતે પોતાની શાશ્વત દિવ્યતા પ્રતિ પૂરેપૂરા સભાન હતા. અને એ પ્રત્યેક એવું સમજતા હતા કે પોતે બાકીના સર્વનું પ્રતિનિધિત્વ કરી શકે છે. એ સર્વને એમ લાગતું હતું કે તેઓ એક પ્રકારની બિરાદરી છે; પરંતુ ચૈતસિક જીવન જે સદ્‌ગુણો અર્પે છે તેમાંનો કોઈ સદ્‌ગુણ એમની પાસે હતો નહિ – ગાઢ પ્રેમ નહિ, એકતાની ભાવના નહિ.

વર્ષ ૧૯૨૬માં મેં અધિમનસ સૃષ્ટિનો આરંભ કર્યો હતો. અહીં પૃથ્વી ઉપર પદાર્થતત્ત્વમાં હું અધિમનસને ઉતારી લાવી હતી. મેં આ બધા દેવોને દેહ ધારણ કરવા જણાવ્યું હતું. દરેકને દેહ સાથે એકરૂપ થવા જણાવ્યું હતું. અને મેં મારી નરી આંખે જોયું કે કૃષ્ણ, જે શ્રી અરવિન્દ સાથે હંમેશાં સારો ઘરોબો ધરરાવતા હતા તેમણે દેહમાં અવતરવાની સહમતિ આપી હતી. એ બન્યું હતું ૨૪મી નવેમ્બરે....

એ આ મુજબ હતું : કૃષ્ણએ શ્રી અરવિન્દના દેહમાં અવતરવા માટે સહમતિ આપી હતી... દેહ ધારણ કરવો, અવતાર લેવો, દેહબદ્ધ થવું અને એક અસર તરીકે કાર્ય કરવું જે અસર આવતી-જતી રહે — એ બે વચ્ચે મોટો તફાવત છે, તમે સમજ્યા ? ... પ્રસંગોપાત્ત આવવું અને શરીર સાથે, દેહમાં કાયમ માટે બદ્ધ થઈ જવું એ બેમાં તફાવત રહેલો છે. કાયમી અસર અને કાયમી સંનિધિ એ બે અલગ વસ્તુ છે. શિવજીએ દેહ ધારણ કરવાનો ઇનકાર કરી દીધો હતો. 'ના' તેમણે સ્પષ્ટ 'ના' પાડી હતી. ''તમે જ્યારે તમારું કાર્ય પૂરું કરશો ત્યારે જ હું આવીશ. જગત હાલ જેવું છે, એવા જગતમાં હું નહિ આવું; પરંતુ હું સહાય કરવા તૈયાર છું.'' તે દિવસે શિવજી મારા કક્ષમાં ઊભા હતા. એમની ઊંચાઈ એટલી બધી હતી કે એમનું મસ્તિષ્ક છતને સ્પર્શતું હતું. તેઓ પોતાના જ વિશિષ્ટ પ્રકાશથી પ્રકાશમાન હતા. લાલ અને સુવર્ણ રંગનો મિશ્ર પ્રકાશ... અદ્ભુત ! તેઓ જ્યારે પોતાની પરમ ચેતનાનો આવિર્ભાવ કરે છે તે સમયે જેવા લાગે છે તેવા જ લાગતા હતા. ભારે મોટું સ્વરૂપ ! પછી હું ઊભી થઈ... અને તેઓ બોલી ઊઠ્યા : 'ના, હું મારી જાતને દેહબદ્ધ કરતો નથી; પરંતુ તમારે જે જોઈએ તે હું તમને આપીશ.' મેં માત્ર એટલું જ જણાવ્યું : (અલબત્ત, એ વાતચીત શબ્દરહિત હતી) 'હું શારીરિક અહંકારથી મુક્ત થવા માગું છું.' (Conversation with a disciple, August 2, 1961)

*

***મારામાં અને શ્રીકૃષ્ણમાં કોઈ ભેદ નથી.***

(Champaklal Speaks - P.21)

**પ્રશ્ન :** તમારા પુસ્તક 'આ જગતની સમસ્યા' વિશે વિવેચન કરતાં એક સ્વામીએ એમના એક લેખમાં જણાવ્યું છે કે વૈદિક ઋષિઓ જે ન કરી શકયા તે તમે કરી શકયા છો એવું કહેવાની તમારામાં હિમ્મત છે. આ અભિપ્રાયમાં સત્ય કેટલું છે ?

**શ્રી અરવિન્દ :** વૈદિક ઋષિઓ જે નથી કરી શકયા તે કરી શકનાર હું એકલો નથી. ચૈતન્ય તેમ જ બીજાઓએ ભક્તિની તીવ્રતા વિકસાવી, જે વેદમાં દર્શાવવામાં નથી આવી. અને બીજા આવા ઘણા દાખલાઓ આપી શકાય. આધ્યાત્મિક અનુભૂતિને ભૂતકાળની મર્યાદા શા માટે મર્યાદિત રાખી મૂકે ?

૧૯-૧૨-૧૯૩૪.

*

*ઈતિહાસમાં ચાર ખૂબ મહત્ત્વની મહાન ઘટનાઓ બની છે; ટ્રોયનો ઘેરો, ઈશુ ખ્રિસ્તનું જીવન, અને તેમને ક્રૉસ પર ચઢાવવામાં આવ્યા તે. શ્રીકૃષ્ણનું વૃંદાવનમાં જવું તે, અને કુરુક્ષેત્રના મેદાન પર તેમનો અર્જુન સાથેનો સંવાદ. ટ્રોયના ઘેરાએ હૈલાસનું સર્જન કર્યું. વૃંદાવનમાં કૃષ્ણના આગમને ભક્તિમાર્ગનું સર્જન કર્યું (કારણ કે તે પહેલાં માત્ર ધ્યાન ને પૂજાવિધિ જ હતાં) ક્રૉસ પર ચઢેલા ઈશુએ યુરોપમાં માનવતા પ્રગટાવી, કુરુક્ષેત્રનો શ્રીકૃષ્ણ અને અર્જુનનો સંવાદ (ગીતા) હજી પણ માનવજાતિને મુક્તિ અપાવી શકે એમ છે. અને છતાં એમ કહેવામાં આવ્યું છે કે આ ચાર ઘટનાઓ પૈકીની એક પણ ઘટના બની ન હતી.*

**શ્રી અરવિન્દ**

## Krishna

At last I find a meaning of soul's birth
Into this universe terrible and sweet,
I who have felt the hungry heart of earth
Aspiring beyond heaven to Krishna's feet.
I have seen the beauty of immortal eyes,
And heard the passion of the Lover's flute,
And known a deathless ecstasy's surprise
And sorrow in my heart for ever mute.
Nearer and nearer now the music draws,
Life shudders with a strange felicity;
All Nature is a wide enamoured pause
Hoping her lord to touch, to clasp, to be.
For this one moment lived the ages past;
The world now throbs fulfilled in me at last.

**Sri Aurobindo**

## કૃષ્ણ

મને અબ જડ્યું રહસ્ય — અહીં ઘોર ને મીઠડા
જગે જનમ આત્મ આ ગ્રહત કેમ એ, જાણ્યું હા-
નિહાળ્યું ઉર મેં ક્ષુધાર્ત ધરતી તણું, સ્વર્ગને
વટાવી જઈ, કૃષ્ણના ચરણ ઝંખતું જે હતું.
નિહાળ્યું અમૃતત્વવંત નયનોનું સૌન્દર્ય મેં,
સુણ્યો પ્રખર પ્રેમરાગ મુરલી તણો શ્યામની,
અમર્ત્ય રસ ગાઢ કેરી સહસા-મુદા જાણી મેં,
વિષાદ પણ જાણિયો નિત અદમ્ય મારે ઉરે.
નજીક અબ હા નજીક સરતી હવાં રાગિણી,
અજાણ મુદ કોથી કંપિત થઈ રહ્યું જીવન,
વિશાળ સ્થિર સર્વ આ પ્રકૃતિ મુગ્ધ આશા ધરી
ઊભી છ નિજ નાથના પરમ-શ્લેષ-તાદ્દ્રૂપ્યની.
અહો ક્ષણ જ એક એક અરથે યુગો સૌ હવા;
જગત્ મુજ વિશે ગ્રહેલ નિજ સિદ્ધિ સ્પંદે હવાં.

**અનુ. સુન્દરમ્**

શ્રી અરવિન્દે કરેલા અર્થઘટન પ્રમાણે અતિમાનસ, ઋત ચેતના વિશેનો ખ્યાલ ઋગ્વેદમાં આવી રહેલો છે. અને ઉપનિષદોના એક બે ફકરાઓમાં પણ છે. પરંતુ ઉપનિષદોમાં એ વિશેનો ખ્યાલ કેવળ બીજાવસ્થામાં છે જેમાં એક એવા જ્ઞાનમય સ્વરૂપની, વિજ્ઞાનમય પુરુષ ની ધારણા કરવામાં આવી છે, જે મનોમય, પ્રાણમય અને અન્નમય સ્વરૂપથી પેલે પારનો હોય; ઋગ્વેદમાં એનો વિચાર પડેલો છે જ, પરંતુ માત્ર એક સિદ્ધાંત રૂપે. એ વિચારને ત્યાં વિકસાવવામાં આવ્યો નથી અને એનો એ સિદ્ધાંત પણ હિંદુ ધર્મપરંપરામાંથી અદૃશ્ય થઈ ગયો છે.

બીજી અનેક વસ્તુઓ સાથે આ પણ એક વસ્તુ એવી છે જે હિંદુ ધર્મપરંપરાની સરખામણીમાં શ્રી અરવિન્દના સંદેશની નવીનતા સિદ્ધ કરે છે — એમનો ખ્યાલ એવો છે કે આ જગત નથી કોઈ માયાનું સર્જન કે નથી કોઈ ભગવાનનો ખેલ — લીલા; એ કોઈ અજ્ઞાન રૂપી અંધકારમાં આવી રહેલ જન્મમરણની ઘટમાળ પણ નથી. એ તો એક એવું આવિર્ભાવનું ક્ષેત્ર છે જેમાં આત્મા અને પ્રકૃતિ ઉત્તરોત્તર પદાર્થતત્ત્વમાંથી ઉત્ક્રાંત થાય છે અને પદાર્થતત્ત્વમાંથી પ્રાણ અને મન મારફતે આગળ વધીને એટલે સુધી તે મનને પેલે પાર જાય છે, જેને પરિણામે સચ્ચિદાનંદ પરમાત્માનો પાર્થિવ જીવનમાં પૂર્ણપણે આવિર્ભાવ થાય. યોગનો પાયો આ છે અને એ આખા જીવનને એક નૂતન દૃષ્ટિ આપે છે.

શ્રી અરવિન્દ

(ગીતા, શતાબ્દી પુસ્તિકા પેજ નં. ૩૪-૩૫)

(વર્ષ ૦૨ : અંક ૧૧)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**